Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

વર્ષ ૩૭ મું
અંક ૯ મો
સં. ૨૦૫૩
જ્યેષ્ઠ
સન ૧૯૯૭
જૂન

ટ્રસ્ટી-મંડળ
ડૉ. ચિનુભાઈ જ. નાયક
ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી
ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી
ડૉ. ભારતીબહેન કી. શેલત
પ્રા. સુભાષ બ્રહ્મભટ્ટ

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ : ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ડૉ. ભારતીબહેન કી. શેલત
પ્રા. સુભાષ બ્રહ્મભટ્ટ (સંપાદક)

## ટપાલના દર વધ્યા છે.

"પથિક" નાં વાર્ષિક લવાજમ મનીઑર્ડરથી મોકલવામાં આવે છે એની તેમજ એજન્ટો દ્વારા લવાજમો આવે છે તેની પાકી પહોંચ રૂ. ૧/- ના પરબીડિયામાં મોકલવામાં આવતી હતી. પરબીડિયાના ભાવ રૂ. ૨/- થયા છે, વળી કોમ્પ્યુટર-કમ્પોઝ-છપાઈ અને કાગળના લીસા ન્યૂસપેપરના ભાવ પણ વધ્યા છે, તેથી જુલાઈથી વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાંત્રીસ કરવામાં આવશે. આજીવન સહાયક થનારા ગ્રાહકોનું શુલ્ક રૂ ૪૦૧/- ચાર સો એક લેવામાં આવશે. એની નોંધ લેવા વિનંતિ.

જૂનમાં પૂરાં થતાં લવાજમવાળાઓએ રૂ. ૩૫/- મોકલવાના રહેશે. એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેમણે થતાં હોય તે પ્રમાણે રૂ. ૩૦/- લેખે તાકીદે મોકલવા વિનંતિ. જેમનાં લવાજમ બાકી હશે તેમને જુલાઈથી નિરપવાદ અંકો મોકલવા બંધ થશે.

સંપાદક-ટ્રસ્ટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ટાઇટલ પાન ૨ નું ચાલુ)

પ્રાગા શેઠની ખટપટના કારણે વાસણજી મહેતાને ઠાકોર હાજીભાઈ સાથે વાંધો પડતાં રિસાઈને એ જામનગર આવ્યો ત્યાં કારભારી મેરુ ખવાસે એને માનસંમાનથી ૧૦૦ ઘોડેસવાર ને ૨૦૦ પાયદળના સૈનિકથી જામકંડોરણા પરગણાના કુમાવીશદાર તરીકે રાખ્યો અને ખર્ચ પેટે જામકંડોરણાની આવક વાસણજી મહેતા રાખે ને ખંડણી પેટે દર વરસે અગિયાર હજાર રૂપિયા જામને આપે. મહેતાએ પોતાના ભાઈ ગુલાબીરામને જામકંડોરણામાં રાખી પોતે જામનગરના કારભારી મેરુ ખવાસ પાસે રહ્યો

કંડોરણાના બે ટીંબીના પટમાં પ્રખ્યાત બહારવટિયા નાગ મહમદની ટોળીના યુસબ અને ઈસબાનને ફાંસીએ લટકાવવામાં આવ્યા હતા આજે એ ટીંબી પર હનુમાનજીનું મંદિર છે ને બાજુમાં જ હાઈસ્કૂલ છે.

**આરબોનું બંડ :** કામદાર જગજીવન મહેતા ને મોતીરામ બૂચ નામના બે દીવાનોની ખટપટના કારણે જામકંડોરણા ને પડધરીના કિલ્લા સાચવતા આરબ જમાદાર અને એના સૈનિકોએ બંડ કર્યું, વળી આસપાસના પ્રદેશમાં લૂંટફાટ ચલાવવા લાગ્યા તેથી બંડખોરોને તાબે કરવા રાણીશ્રી અછુબાએ ખર્ચ આપવાની શરતે વડોદરાના નાયબ દીવાન વિઠ્ઠલરાવની મદદ માગી.

રાણીશ્રી અછુબાની વિનંતિથી અંગ્રેજ લશ્કર હેન્લીની સરદારી નીચે અને ગાયકવાડનું લશ્કર વિઠ્ઠલરાવની સરદારી નીચે ઊપડયું ને કંડોરણાને ઘેરો ઘાલ્યો. મરકતી આરબો જામકંડોરણા દરબારગઢના કોટમાં ભરાયા. ઘેરો ઘણા દિવસ ચાલ્યો. છેવટે જામકંડોરણાના ભાટિયા ગૃહસ્થે તોપમારો કરવાનું યોગ્ય સ્થળ બતાવતાં અંગ્રેજ ને ગાયકવાડ સરકારના લશ્કરે જસાપરના કોઠા પરથી તોપમારો કરતાં ગઢમાં ગાબડાં પડયાં ને આ સમયે દીવાન વિઠ્ઠલરાવ અને ગોવિંદરાવ લશ્કરની મોખરે આવ્યા. આરબો પણ દરબારગઢના દરવાજા ખોલી મેદાનમાં આવ્યા ને અંગ્રેજ અને ગાયકવાડના લશ્કર સાથે દારુણ યુદ્ધ કર્યું. કેટલાક આરબો મરાયા કેટલાક શરણે થયા ને કેટલાક ભાગી છૂટયા. આમ જામકંડોરણાનો કિલ્લો જામ હસ્તક સોંપાયો.

**જામકંડોરણાનું ઐતિહાસિક મહત્ત્વ :** સૌરાષ્ટ્રનાં ૨૦૨ રજવાડાંઓને આવક સત્તા ને વિસ્તારની દૃષ્ટિએ સાત ભાગમાં વહેંચી નાખવાની યોજના ઘડનાર કર્નલ વોકરે આ બાબતે દીવાન રણછોડજીની પ્રથમ મુલાકાત જામકંડોરણા મુકામે લીધી હતી ને સલાહ સૂચનો પણ માગ્યાં હતાં, પરસ્પર પોશાક ને સિરપાવ આપ્યા હતા ને લીધા હતા

જામકંડોરણા ગામ આજે આબાદીના પંથે છે ને હીરાઉદ્યોગનો વિકાસ થયો છે. ગામમાં મસ્જિદો, મોટાપીરની દરગાહ ને મંદિરો વગેરે પણ છે. ગામની વસ્તી અંદાજે ૨૦૦૦૦/- વીસ હજાર જેટલી છે

ગામમાં હાઈસ્કૂલ, તાલુકા શાળા, કન્યા શાળા, ત્રણ ખાનગી શાળા, પટેલ છાત્રાલય ને વિદ્યાલય, બેન્કો, સબ પોસ્ટ ઑફિસ, પોલીસ સ્ટેશન, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીઓ પણ છે.

આ છે જામકંડોરણા તાલુકા અને ગામનો જૂનો ઇતિહાસ.

ઠે. હાઈસ્કૂલ, જામકંડોરણા–૩૬૦૪૦૫

**સંદર્ભ ગ્રંથ :** (૧) યદુવંશ પ્રકાશ, (૨) વિભા વિલાસ, (૩) જામનગરનો પ્રાચીન ઇતિહાસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જામકંડોરણાની ઐતિહાસિક ઝાંખી

[અંદરના પાના ૧૬ થી ચાલુ]

**જામકંડોરણા ગામે કસ્તૂરસાગર** નામે (પૂજ) ગોરજી હતા તે 'દરબારી પૂજ'ના નામે આ પરગણામાં પ્રસિદ્ધ હતા. એઓ રઘુનાથજી મંદિરમાં દરબાર ભરતા ને સૌને કસુંબો પાતા હતા. એમના વિશે રણછોડ બારોટે 'કસુંબો' કાવ્ય લખેલ છે, જે હાલ અપ્રાપ્ય છે.

**ગામની** અંદર કિલ્લાવાળો દરબારગઢ છે, જેમાં અહીંના મામલતદાર ને મેજિસ્ટ્રેટની કચેરીઓ હતી. ગામને ફરતો વિશાલગઢ ભાદા પટેલે બંધાવ્યો હતો અને સં. ૧૯૦૪ માં જામ રણમલજી બીજાના હસ્તે ખુલ્લો મુકાયો હતો. આ કિલ્લાને ત્રણ દરવાજા હતા, જેમાં ૧. નગરનો દરવાજો, ૨. ધોરાજીનો દરવાજો અને ૩. ભાદરાનો દરવાજો. ધોરાજીના દરવાજા પાસે ગઢની રાંગમાં ભાદા પટેલનું બાવલું પણ કોતરાયેલ છે ચોથા દરવાજા તરીકે બારીનું નાકું ગણાય છે. દરેક દરવાજાના આગળના ભાગમાં સુંદર કોતરણીકામ કરેલ હતું.

**આ ગામમાં** નગરના નાકા બહાર ખાખી ગિરધારી રામમંદિર છે તે આસરે ચારસો પચાસ વર્ષ જૂનું ગણાય છે ને ઉતાવળી નદીના સામે કાંઠે પગટેશ્વર મહાદેવનું મંદિર છે એ પણ એટલું જ જૂનું ગણાય છે. ગામ મધ્યે અન્નપૂર્ણા માતાજીનું મંદિર, રઘુનાથજીનું મંદિર વગેરે પણ પાંચસો વર્ષ જેટલાં જૂનાં જણાય છે. જૈન દેરાસર, હાટકેશ્વર મહાદેવનું મંદિર પણ જૂનાં જણાય છે ઉતાવળી નદીના સામે કાંઠે મહાકાળી માતાજીનું મંદિર પણ જૂનું જણાય છે. પટેલ ચોકમાં નવું રામમંદિર, મુખ્ય બજારમાં હરસિદ્ધિ માતાજીનું મંદિર વગેરે મહત્વનાં સ્થાનો છે. મસ્જિદો ને મોટા પીરની દરગાહ પણ મહત્વનાં સ્થાનો છે.

**દીવાન કુટુંબ જામનગરમાં :** સં. ૧૮૪૦ માં હોળીના દિવસે જૂનાગઢના નવાબ હામિદખાનજીએ દીવાન અમરજીનું ખૂન કરાવ્યું. આ વખતે રૂપાજી સિંધિયા સૌરાષ્ટ્રમાં ખંડણી ઉઘરાવવા આવેલો એ અમરજીનો મિત્ર હોવાથી નવાબ સાથે દીવાન ભાઈઓનું સમાધાન કરાવ્યું ને રઘુનાથજીને દીવાનપદે સ્થાપ્યા અમુક ગામો એને બક્ષિસમાં અપાવ્યાં, પરંતુ કલ્યાણ શેઠની ખટપટના કારણે દીવાન રઘુનાથજી અને મોરારજીને કેદ કર્યા. રણછોડજી દીવાન બહાર હોવાથી એમણે પોતાના ભાઈઓને છોડાવ્યા થોડો સમય ચોરવાડમાં રહીને ત્યાંથી ઠાકોર દાજીભાઈ પાસે ધોરાજી આવ્યા હતા આ બાબતની જાણ જામનગરના કારભારી મેરુ ખવાસને થતાં જામકંડોરણા પરગણાના કુમાવીશદાર (મામલતદાર) અદાભાઈ મહેતાને લખ્યું કે નગારાં-નિશાન ને ૪૦૦ ચારસો ઘોડેસવારો સાથે જઈ દીવાન રઘુનાથજી અને એમના કુટુંબને માન-સંમાનથી નવાનગર લઈ આવો. અદો મહેતો ધોરાજી ગયો ને દીવાન રઘુનાથજીને કારભારી મહેરામણજીનો સંદેશો આપ્યો ઠાકોર દાજીભાઈએ ગિરાસ આપી ધોરાજીમાં રહેવા આગ્રહ કર્યો, પરંતુ કારભારી રઘુનાથજીએ જણાવ્યું કે નગરના જામ ને કારભારી અમોને માનસંમાનથી જામનગર તેડાવે છે તો અમો ત્યાં જઈશુ એમ કહી દાજીભાઈની રજા લઈને એઓ અદા મહેતા સાથે જામકંડોરણા આવ્યા ને ત્યાં અદાભાઈ મહેતા સાથે એક માસ રહ્યા. ૧૮૫૦ માં એઓ જામનગર ગયા ને ત્યાં કારભારી મેરુ ખવાસે જામની સલામ કરાવી ને પડધરી પરગણું તથા આટકોટનાં ગામો જાગીરમાં આપ્યાં, જામ પાસે પહેલી બેઠકમાં સેના-સરબંધીનો અધિકાર અપાવ્યો વાસણજી મહેતાને કંડોરણા પરગણાનો કુમાવીશદાર નીમ્યો

(અનુસંધાન ટાઈટલ પાન ૩ ઉપર)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

★ 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

★ પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી

★ કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

★ કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

★ 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

★ અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૪-૫૦ ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય, ભો.જે વિદ્યાભવન આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯;** એ સ્થળે મોકલો.

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ
**તંત્રી-મંડળ :** ૧. ડૉ.નાગજીભાઈ ભટ્ટી, ૨. ડૉ.ભારતીબહેન શેલત
૩. પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ (સંપાદક)
**વાર્ષિક લવાજમ :** દેશમાં રૂા.૩૦/-, વિદેશ રૂા.૧૧૧/-, છૂટક રૂા.૪
વર્ષ ૩૬ મું ★ જ્યેષ્ઠ, સં. ૨૦૫૩ ★ જૂન, સન ૧૯૯૭ ★ અંક ૯

## અનુક્રમ

રાજકોટ રાજ્ય અને પ્રજાહિતના ધારા — પ્રો. પ્રદ્યુમ્ન બી. ખાચર ૨
રાજકોટ સત્યાગ્રહમાં બહેનોનો ફાળો : (૧૯૩૮-૩૯) — ડૉ. દર્શના પટેલ ૭
ચાવડા રાજપૂતોનો ઇતિહાસ — શ્રી અશ્વિન કે. અંતાણી ૧૪
જામકંડોરણાની ઐતિહાસિક ઝાંખી — શ્રી એ. એસ. આશર ૧૬

**આજીવન સહાયક થવાના રૂા ૩૦૧/-**

### ગ્રાહકોને વિનંતિ

લવાજમ તેમજ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબર જરૂર લખો. વળી જે ગ્રાહકોનાં લેણાં લવાજમ જૂન ની ૧૦ મી તારીખ સુધી નથી મળ્યાં તેમને, થોડા જ અપવાદે, આ અંક મોકલવો બંધ કર્યો છે.

**—સંપાદક તંત્રી**

**: મુદ્રણસ્થાન :**
**પ્રેરણા મુદ્રણાલય, ૧૭૫૬, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૫૫૦૬૬૦૭**
**: લેસર ટાઈપ સેટિંગ : ક્રિશ્ના ગ્રાફિક્સ**
**૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજકોટ રાજ્ય અને પ્રજાહિતના ધારા

પ્રો. પ્રદ્યુમ્ન બી. ખાચર

રાજકોટ સંસ્થાન બીજા વર્ગનું એક મહત્ત્વનું રાજ્ય હતું. રાજકોટ રાજ્યની સીમા ઉત્તરે ધ્રોળ-વાંકાનેર સંસ્થાનો તથા ગૌરીદડ તાલુકો, પૂર્વે કાઠીલોકોના તાલુકા, દક્ષિણે ગોંડળ સંસ્થાન અને પશ્ચિમે નવાનગર (જામનગર)સંસ્થાન હતું. રાજકોટ સંસ્થાન નીચે ૬૩ ગામો આવેલાં હતાં.

રાજકોટમાં મુખ્ય નદી આજી છે. રાજકોટ-વિસ્તારમાં ઘઉં બાજરો જુવાર કપાસ તેલીબિયાં જેવા મુખ્ય પાકો લેવામાં આવતા હતા. રાજકોટ સંસ્થાનમાં કણબી(પટેલ) બ્રાહ્મણ વાણિયા ભરવાડ રબારી કોળી જેવી મુખ્ય જ્ઞાતિઓ વસવાટ કરતી હતી.[1]

રાજકોટ રાજ્યમાં રાજાશાહી યુગની ઐતિહાસિક અને વખાણવા લાયક નીચે મુજબની ઇમારતો છે : (૧) રસૂલખાનજી જનાના હૉસ્પિટલ, (૨) વૉટ્સન મ્યુઝિયમ, (૩) લૅન્ગ લાઈબ્રેરી, (૪) રોમન કૅથોલિક ચર્ચ, (૫) કેસરે હિંદ પુલ, (૬) લાલપરી તળાવ, (૭) રણજિતવિલાસ પૅલેસ, (૮) રાજકુમાર કૉલેજ, (૯) આલ્ફ્રેડ હાઈસ્કૂલ (મહાત્મા ગાંધી હાઈસ્કૂલ), (૧૦) બાર્ટન ટ્રેનિંગ કૉલેજ, (૧૧) આઈ.પી.મિશન ગર્લ્સ સ્કૂલ, (૧૨) બાવાજીરાજ સ્કૂલ, (૧૩) કરણસિંહજી હાઈસ્કૂલ, (૧૪) બાઈસાહેબબા હાઈસ્કૂલ, (૧૫) કિશોરસિંહજી શાળા, (૧૬) લાખાજીરાજ લાઈબ્રેરી, (૧૭) રામકૃષ્ણ આશ્રમ, (૧૮) ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, (૧૯) લાખાજીરાજ અને પ્રદ્યુમ્ન હોસ્ટેલ-મનોહરસિંહજી હોસ્ટેલ, (૨૦) જામ ટાવર, (૨૧) બેડી દરવાજો, (૨૨) કબા ગાંધીનો ડેલો અને (૨૩) રાષ્ટ્રિય શાળા.

રાજકોટના ચાર વિભાગો હતા. એનો વિસ્તાર ૨૮૨૪ ચોરસ માઈલ હતો. ઈ.સ. ૧૯૧૨ માં રાજકોટની વસ્તી ૫૦,૫૨૨, ઈ.સ. ૧૯૨૧ માં વસ્તી ૬૦,૯૯૩, ૧૯૩૧ માં વસ્તી ૭૫,૫૪૦, ૧૯૪૧ માં વસ્તી ૧૦,૩૦૩૩ હતી.

રાજકોટમાં રેવન્યૂની ત્રણ રીતો હતી : (૧) ભાગ-બટાઈ, (૨) વિઘોટી અને (૩) ઊધડ. રાજકોટમાં એગ્રિકલ્ચર બૅન્ક, અર્બન બૅન્ક અને રાજકોટ સ્ટેટ બૅન્ક હતી. રાજકોટમાં સેન્ટ્રલ જેલ અને કુવાડવા -સરધારમાં સબ-જેલ હતી. જેલમાં એક ચીફ મેડિકલ ઑફિસર અને જેલ સુપરિટેન્ડેટ રાખવામાં આવતા હતા. રાજકોટ-સરધારમાં ટેલિગ્રાફ ઑફિસ હતી.

રાજકોટ સરધાર અને કુવાડવામાં દવાખાનાં હતાં. ડૉ.રતનજી અંદરજી (એલ.એમ.ઍન્ડ એસ.) ચાર્જમાં હતા. રાજકોટમાં મેડિકલ ઑફિસર અને સર્જન માંડજી જેઠાભાઈ હતા. રાજકોટમાં ડૉક્ટરી વ્યવસાય કરવા માટે ચીફ મેડિકલ ઑફિસરને અરજી કરવી પડતી હતી. એ પરીક્ષા લે તેમાં પાસ થાય તો જ એ પ્રેક્ટિસ કરી શકતા. રાજકોટ કુવાડવા અને સરધાર ચીભડાના ડૉક્ટરોએ એમને ફાળવેલાં ગામોમાં વિઝિટો કરવાની હતી.

રાજકોટમાં હજૂર કોર્ટ હતી તેમાં ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ હતા. સરન્યાધીશ કોર્ટ, ન્યાયધીશ કોર્ટ અને સરધાર થાણા કોર્ટ પણ હતી. એ સેશન્સ જજ અને સેકન્ડ ક્લાસ મૅજિસ્ટ્રેટ સંભાળતા હતા.[2]

રાજકોટ રાજ્યમાં પોલીસ અને વિલેજ પોલીસ રાખતા હતા, સૈનિક દળ હતું નહિ. હજૂરના ૨૦ બોડીગાર્ડ રાખવામાં આવતા હતા.

રાજકોટ રાજ્યમાં સુતરાઉ કાપડનો વણાટ, ઊનનો વણાટ, તાંબા પિત્તળનો ઉદ્યોગ અને જીનિંગ ફૅક્ટરી-ઉદ્યોગ હતા. લાખાજીરાજ વિવિંગ મિલ હતી.

રાજકોટના રાજ્યકર્તા જાડેજા રાજપૂત હતા. એ જામનગરના જાડેજાજામના કુંટુબના છે. જામ સતાજીને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણ કુંવરો હતા; (૧) અજાજી, (૨) જસાજી અને (૩) વિભાજી. એમાં અજાજી ભૂચરમોરીના યુદ્ધમાં વીરગતિ પામ્યા ત્યારે જસાજી નવાનગર(જામનગર)ની ગાદીએ બેઠા અને પોતાના નાના ભાઈ વિભાજીને કાલાવડનો કિલ્લો આપ્યો. પછી વિભાજીએ સરધાર તાબાનાં ગામો કે જે વાઘેલા પાસે હતાં તે જીતી લીધાં.

આ રીતે સરધાર વિભાજીના હાથમાં આવ્યું. આ વિભાજી ઈ.સ. ૧૬૩૫ માં અવસાન પામ્યા પછી એમના કુંવર મહેરામણજી ૧ લા ગાદીએ બેઠા, પછી સાહેબજી અને એમના પછી બામણિયાજી ગાદીએ બેઠા. એઓ મિયાણા લોકો ઢોર વાળી જવાથી એઓની પાછળ પડ્યા અને નાકાલંગવીર આગળ એઓ ઈ.સ. ૧૬૯૪ માં મરાયા. બામણિયાજીના મરણ પછી મહેરામણજી ૨ જા ગાદીએ બેઠા.

મહેરામણજીએ જૂનાગઢ પાસેથી રાજકોટ નજીકનાં ઘણાંખરાં ગામો જીતી લીધાં, પરંતુ ઈ.સ. ૧૭૨૦ માં જૂનાગઢના નાયબ ફોજદાર માસૂમખાને (સુજાતખાને) રાજકોટ ઉપર ચડાઈ કરી જીતી લીધું. માસૂમખાને રાજકોટ તથા સરધારનાં ફોજદારની જગ્યા મેળવી. એણે ઈ.સ. ૧૭૨૨ માં રાજકોટનો કિલ્લો બાંધ્યો. એ વખતે એણે રાજકોટનું નામ માસૂમાબાદ રાખ્યું. એણે ૧૭૩૨ સુધી રાજકોટમાં રાજ્ય ચલાવ્યું.[3]

મહેરામણજી ૨ જાના પાટવીકુંવર રણમલ્લજીએ માસૂમખાનને મારી નાખીને રાજકોટ જીતી લીધું. પછી લાખોજી આવ્યા. એમના પુત્ર મહેરાણમજી ૩ જાએ ઈ.સ. ૧૭૮૮ માં પ્રવીણસાગર નામે કાવ્યશાસ્ત્રનો એક ગ્રંથ હિંદીમાં રચ્યો. પછી ક્રમશઃ રણમલ્લજી ૨ જા, સૂરાજી, મહેરામણજી ૪ થા, બાવાજીરાજ (**૧૮૬૨ થી ૧૮૯૦**), લાખાજીરાજ (**૧૮૯૦ થી ૧૯૩૦**), પછી ધર્મેન્દ્રસિંહજી ૧૯૪૦ સુધી અને છેલ્લે પ્રદ્યુમ્નસિંહજી ૧૯૪૦ થી ૧૯૪૭ સુધી રાજકોટની ગાદીએ હતા.

આ લઘુનિબંધમાં મેં રાજકોટના બે રાજવીઓ(બાવાજીરાજ અને લાખાજીરાજ)ના કાયદાઓ અને રાજવીઓના પ્રજા પ્રત્યેના પ્રેમને ઉલ્લેખવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

બાવાજીરાજ (ઈ.સ. ૧૮૬૨ થી ૧૮૯૦) રાજકોટની ગાદીએ હતા તેમણે ગરાસદારોના હિત માટે, ગરાસિયાઓ લગ્નમાં ખર્ચ ઓછું કરે એ માટે એક કમિટી બનાવી. એ કમિટીએ સૂચવ્યું કે ગરાસિયાએ પોતાની વાર્ષિક પેદાશ થતી હોય તેના ૧/૩ ભાગનો જ લગ્નમાં ખર્ચ કરવો.[૪]

બાવાજીરાજની રાજપૂતભાઈઓ માટે કેટલી લાગણી ! આ લોકો લગ્નમાં ખોટા ખર્ચાઓ કરી પાયમાલ ન થઈ જાય એ માટે આ ધોરણ બનાવ્યું હતું.

રાજકોટમાં ૨૩ મે, ૧૮૬૮ ના રોજ એક જાહેરખબર રાજ્યે કાઢી કે કૂતરાઓ લોકોને બહુ હેરાન કરે છે તો એને મારી નાખવા અને જેટલા કૂતરાઓ મારવામાં આવે તેનું અઠવાડિક પત્ર મોકલતા રહેવું. આ જાહેરાત જોતાં એક તરફ દેખાય છે કે રાજાને પ્રજાની અગવડનો ખ્યાલ છે, તો બીજી બાજુ કૂતરાં જેવાં નિર્દોષ પશુ પ્રત્યેનો પ્રેમ દેખાતો નથી, એ નોંધવા જેવી બાબત છે.[૫]

ઈ.સ. ૧૮૭૫ માં હાલાર પ્રાંત આજમ મહેરબાન આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના શેરાને અનુસરીને એક સકર્યુલર કાઢવામાં આવ્યો કે રાજ્યના કોઈ પણ સ્થળેથી શિલાલેખ સિક્કાઓ કે પુરાતન વસ્તુઓ મળે તો એને વ્યક્તિગત સાંચવી ન રાખવી, કારણ કે એનો ત્યાં કોઈ ઉપયોગ નહિ થાય. એના ઉપરથી જૂનો ઇતિહાસ અને ખૂટતી વિગતો મળે છે માટે એમણે તરત જ રાજ્યને મોકલી આપવાં. આ બાબત રાજકોટના રાજવીનો ઐતિહાસિક બાબતો પ્રત્યેનો રસ હોવાનું બતાવે છે.

ઈ.સ. ૧૮૯૫ માં એક શેરો પ્રસિદ્ધ કર્યો કે ઊભા મોલમાં પરવાનગી વિના શિકાર માટે ન ઘૂસવું, મોર અગર પવિત્ર પશુપક્ષીઓનો શિકાર ન કરવો, ગામની અંદર કે વસ્તીની નજીક શિકાર ન કરવો. આ સાથે સાથે શિકાર કરવા માટે વાર્ષિક ફી રૂ.૧૫ અને માછલાં મારવા રૂ.૧૦ ફી રાખી હતી. જો કોઈ પરવાના વગર શિકાર કરતાં પકડાશે તો ૨ મહિનાની સજા અને રૂ. ૨૦૦ દંડ કરવામાં આવશે. આ બાબત એમ બતાવે છે કે આનાથી કદાચ શિકાર ઉપર નિયંત્રણ મૂકી શકાયું હશે. સાવ બંધ તો નહિ, પરંતુ નિયંત્રણ રાખ્યું છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈ.સ. ૧૮૯૭ માં રાજકોટ સંસ્થાનના મેડિકલ ઓફિસરના કહેવાથી કંદોઈ મીઠાઈમાં રંગ નાખતા તે બંધ કરવામાં આવ્યો, કારણ કે એ રંગ ઝેરી ધાતુનો બનેલો હતો. એ નાખશે તો શિક્ષા થશે. રાજકોટના રાજવી અને મેડિકલ ઓફિસરને આવી ઝીણી બાબત પણ ધ્યાનમાં આવી ગઈ હશે. રાજવીની આ સજાગતા બતાવે છે. કંદોઈએ મીઠાઈ ઉપર જાળી રાખવી. શાકભાજી અને ફળો પણ સડેલાં ન વેચાય એ માટે ધ્યાન રાખવામાં આવતું હતું.

કુંભારના નિભાડાથી આસપાસનાં ઘરોને નુકસાન થાય, ધુમાડો આવે, તદુંરસ્તી બગડે, માટે એ વસ્તીથી દૂર કરવાના આદેશ અપાયા હતા.

ઈ.સ. ૧૮૯૮ થી રાજકોટ રાજ્યમાં વેઠપ્રથા બંધ કરવામાં આવી અને કામ કરનારાઓને મજૂરી ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું. ધીરે ધીરે એ મજૂરીના દર પણ મોંઘવારી પ્રમાણે વધાર્યા હતા. દરબારી પશુઓ માટે ૧ પૂળો ઘાસ મફત લેવાનો રિવાજ હતો તે પણ રદ કર્યો. આમ રાજકોટના રાજવીએ ગુલામીના વિચારને ડામવાનો પ્રયત્ન કર્યો હતો એ આનાથી જોઈ શકાય છે.

ઈ.સ. ૧૯૦૮ માં રાજકોટમાં એવી જાહેરાત કરવામાં આવી કે કૃષ્ણપરા સિવાય ક્યાંય વેશ્યાનો ધંધો કરનારી સ્ત્રી વસી શકશે નહિ અને જે ત્યાં વસે તેણે પણ વાર્ષિક લાઈસન્સ મેળવવું પડશે. આ લાઈસન્સ ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટ પાસે અને વૈદિક તપાસ કરાવ્યા બાદ આરોગ્યની ખાતરી થયા પછી મળશે અને દર વર્ષે તાજું કરાવવું પડશે. એ સિવાય આ સ્ત્રીઓએ દર પખવાડિયે વૈદિક તપાસ કરવાવી જોઈએ. સ્ત્રી રોગી દેખાશે તો લાઈસન્સ રદ કરવામાં આવશે. હાલમાં એઈડ્ઝ જેવા ભયંકર રોગોએ દેખા દીધી છે ત્યારે આજના શાસકો જાગ્રત બન્યા છે, એના વિશે જાગ્રત રાજકોટના શાસક ઈ.સ. ૧૯૦૮ માં બન્યા હતા. એ બાબતથી આજના શાસકે ધડો લેવા જેવો છે

ઈ.સ. ૧૯૦૮ માં બીજો પણ ધારો કર્યો કે લોકો ૪ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને રસ્તે રઝળતાં મૂકે છે, જો એ હવે મૂકશે તો સજા થશે. બાળકોને ઘરેણાં પહેરાવીને પણ બહાર મોકલવાં નહિ.

ઈ.સ. ૧૯૧૦ માં રાજકોટમાં પ્લેગનો રોગ ફેલાયો હતો ત્યારે એને અટકાવા રાજ્યે ઘણા કાયદાઓ કર્યા અને ડૉ. હાફકિનની રસી મૂકવવાની સમજૂતી પણ આપી હતી. જે લોકો પ્લેગના ભયે મકાન ખાલી કરી જતા હતા તેના દરદાગીના રાજ્યે પહોંચ આપી સાંચવ્યા હતા. પ્લેગવાળા ભાગમાંથી કોઈ મહેમાન આવે તો ઘરધણીએ ૧૨ કલાકમાં ચીફ મેડિકલ ઓફિસરને જાણ કરવાની રહેતી. એ મહેમાન સભ્યે ૧૦ દિવસ નાડ બતાવવા આવવાનું રહેતું. જો એને પ્લેગ લાગ્યો હોય તો એને ઓબ્જર્વેશન કેમ્પમાં રાખવામાં આવતા હતા. જો કોઈના ઘરમાં પ્લેગનો દર્દી મરે કે સાજો તાય ત્યારે ૧ એક માસ ઘર ખાલી રાખવું.

આમ લાખાજીરાજે પ્લેગથી પ્રજાને બચાવવા ચીવટભર્યા પ્રયત્નો કર્યા હતા એ ઉપરની વિગતો ઉપરથી જોઈ શકાય છે.

રાજ્યમાં ગોવધ કરવો નહિ અને ગોવધ કરવામાં મદદ ન કરવી, જો કોઈ એમ કરતાં પકડાય તો ૬ માસની કેદ અને રૂા.૨૦૦/- નો દંડ કરવામાં આવતો હતો. ભરવાડ રબારીએ ૧ મહિના સુધીનાં બકરીનાં બચ્ચાંને છૂટાં મૂકવાં નહિ. જો છૂટાં મૂકતાં પકડાય તો લવારા દીઠ રૂા.૫/- દંડ કરવામાં આવતો હતો.

રાજકોટના નાનાં છોકરાઓમાં બીડી પીવાનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું ત્યારે ઈ.સ. ૧૯૧૨માં ધારો કર્યો કે ૧૮ વર્ષની નીચેની અંદરનો કોઈ બાળક બીડી પીતો રાજકોટ તળપદમાં રાજ્યના કોઈ ખાતાના ઉપરી અમલદાર કે સ્કૂલના હેડમાસ્તર જોશે તો એ બાળકને વધારેમાં વધારે રૂા.૨-૦૦ સુધીનો દંડ કરશે. જો વેચનાર બીડી વેચશે તો એનો પણ દંડ કરવામાં આવશે. આ પ્રજાવત્સલ લાખાજીરાજે પ્રજાહિતનું બાળકોનું પશુઓનું કેટલું ધ્યાન રાખ્યું હતું !

ઈ.સ. ૧૯૧૩ માં ચણતર અને મકાનના નિયમો બનાવ્યા હતા. માણસનાં રહેઠાણ જમીનથી ૧ાા ફૂટ ઊંચાં હોવાં જોઈએ. રહેઠાણના મકાનની નીચામાં નીચી દીવાલ ૭ાા ફૂટથી ઓછી ન હોવી જોઈએ. કોઈ પણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મકાનથી પાંચ ફૂટ સુધીમાં અને રસોડાથી પાંચ ફૂટ સુધીમાં કે જળાશયથી ૩૦ ફૂટ દૂરમાં જ સંડાસ બનાવવા દેવામાં આવશે.

શહેરમાં રાત્રિના બાર બાગ્યા પછી ઢોલ ત્રાસાં નગારાં વગાડવાં નહિ અને જરૂર પડે તો હજૂર ઑફિસરની લિખિત મંજૂરી લેવી.

રાજકોટ રાજ્યમાં ઈ.સ. ૧૯૧૩ નો બાળલગ્ન ધારો હતો. એ મુજબ છોકરાનાં લગ્ન ૧૬ વર્ષ પછી અને છોકરીનાં લગ્ન ૧૨ વર્ષ પછી જ કરવા દેવામાં આવતાં હતાં. ઈ.સ. ૧૯૨૭ માં છોકરાની ઉંમર ૧૯ વર્ષ અને છોકરીની ૧૫ વર્ષ કરવામાં આવી હતી.

ઈ.સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં રાજકોટ રાજ્યે અંગ્રેજોને વૉરફન્ડ પણ આપ્યું હતું. રાજકોટમાંથી કોઈ ચોપાનિયાં પુસ્તક યુદ્ધ વિશે છપાવવાં નહિ. લશ્કર સંબંધી કે કોઈ સમાચાર કોઈને આપવા નહિ. એશિયાખંડ બહાર વસતા તમામ પરદેશી લોકો રાજકોટની હદમાં હોય તેમણે ૧૮ ઑગસ્ટ ૧૯૧૪ પછી ૧૫ દિવસમાં પોલિટિકલ એજન્ટ પાસે નામ નોંધાવી જવાં, રાજ્યની હદ છોડવી નહિ.

અંગ્રેજો યુદ્ધમાં જીતે માટે રાજકોટમાં હાટકેશ્વર મંદિરે બધાંએ ભેગા મળી પ્રાર્થના કરી હતી અને ગામડાંઓમાં પણ એમ કરવા ફરમાન બહાર પાડ્યું હતું. એ દિવસે સ્કૂલો અને ઑફિસોમાં રજા રાખવામાં આવી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધમાં ઈંગ્લેન્ડનો વિજય થતાં રાજ્યમાં ૨૨-૨૩-૨૭ નવે., ૧૯૧૮ ના રોજ જાહેર રજા પાડવામાં આવી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી વર્સેલ્સની સંધિ થતાં રાજકોટ ના ૬ કેદીઓને ખુશાલીમાં છોડી મૂકવામાં આવ્યા હતા.

પ્રથમ વિશ્વયુદ્ધમાં લડતાં લડતાં જો રાજ્યનો કોઈ પણ માણસ મરાઈ કે ઘવાય કે અશક્ત બને તો એનાં બાળકોને શિક્ષણમાં નીચેની મદદ મળતી હતી : એ બાળક રાજ્યની સ્કૂલોમાં ભણે ત્યાંસુધી એને ભણતરનાં સાધનો રાજ્ય તરફથી મફત આપવામાં આવશે.

રાજકોટમાં કારખાના-ધારો પણ અમલમાં હતો, જે ૧ માર્ચ, ૧૯૧૫થી અમલમાં આવ્યો હતો. એમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરનાને કામે ન લગાડવું, કારખાનું સ્વચ્છ હવા-ઉજાસવાળું, યોગ્ય પ્રમાણમાં જાજરૂવાળું હોવું જોઈએ. કોઈ સ્ત્રીકામદારને કારખાનામાં સવારના સાડાપાંચ પહેલાં અને સાંજના સાડાસાત પછી કામ ન આપવું.

રાજકોટમાં ૧ જુલાઈ, ૧૯૧૫ થી જુગારધારો અમલમાં આવ્યો હતો. કોઈ જુગારખાનાં ચલાવશે કે જુગાર સંબંધી આશ્રય આપશે તેનો રૂા. ૨૦૦ દંડ અને ત્રણ માસથી વધારે નહિ એટલી સજા કરવામાં આવશે. જો એ બીજી વાર પકડાશે તો રૂા.૪૦૦ દંડ અને છ માસની સજા કરવામાં આવશે.

ઈ.સ. ૧૮૯૯નો અફીણધારો પણ રાજકોટમાં ઈ.સ. ૧૯૨૦માં અસ્તિત્વમાં આવ્યો હતો.

રાજકોટમાં તા. ૪-૩-૧૯૨૪ થી લોટરી-ધારો અસ્તિત્વમાં આવ્યો હતો. રાજ્યમાં હજૂર કોર્ટની પરવાનગી લીધા સિવાય લોટરી બહાર પાડી શકાશે નહિ. આજના સમયે બિલાડીના ટોપની જેમ દરેક રાજ્યમાં લોટરીઓ નીકળી છે અને એ પૈસો કેવો કામમાં આવે છે ? જ્યારે રાજકોટ સંસ્થાન જો લોટરી કાઢવાની મંજૂરી આપવામાં આવે તો એ નાણાં સાર્વજનિક કલ્યાણ માટે, ધાર્મિક સંસ્થાના જીર્ણોદ્ધાર માટે અને વિદ્યાકલાના ઉત્તેજન માટે ઉપયોગમાં લેવાય. એ સિવાય લોટરીની મંજૂરી આપવામાં આવતી નહિ.

રાજકોટ રાજ્યમાં શ્રાવણ માસના સોમવારે જીવહિંસા કરવાની મનાઈ હતી, પરંતુ એક વાર શ્રાવણ માસનો સોમવાર અને બકરી ઈદ (૧૫-૮-૧૯૨૧) ભેગાં થતાં હતાં ત્યારે મુસ્લિમોએ જીવહિંસા ઓછી કરવા સંમતિ આપી હતી અને ઘેર તો બિલકુલ જીવહિંસા નહિ કરવાનું કબૂલ્યું હતું. આવી રાજકોટમાં હિંદુ મુસ્લિમ એકતા ત્યારે પણ હતી અને આજે પણ હજુ છે.

રાજકોટમાં ઈ.સ. ૧૯૨૬ સુધી વનસ્પતિ-ઘી આયાત કરવા દેવામાં આવતું નહિ. જો કોઈ પોલીસ ફોજદારથી ઊતરતા દરજ્જાના નહિ હોય તેવા ગમે તે અમલદાર વનસ્પતિ-ઘી આયાત થયેલ જોશે તો એ ઘી જપ્ત કરશે અને ડબાદીઠ રૂા.૧૦૦ નો દંડ કરશે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજકોટમાં હિંદુધર્મસભા સ્થાપવામાં આવી હતી. પછી લાખાજીરાજને થયું કે એ માત્ર હિંદુ માટે જ છે, તેથી એમણે અખિલહિંદ ધર્મસભા સ્થાપવા વિચાર્યું હતું. અંતે એને બદલે પ્રજા પ્રતિનિધિસભાની સ્થાપના કરી હતી, જેમાં સાત વિભાગો હતા : ૧. ખેતી, ૨. મજૂરી, ૩. વેપાર-ઉદ્યોગ, ૪. ધર્મ, ૫. સુધરાઈ, ૬. કલા અને શિક્ષણ, ૭. ધારામંડળ, જેના પ્રમુખ ગોરધનદાસ લાધાભાઈ હતા.[૬]

રાજકોટ પ્રજાપતિનિધિસભાના અને બીજા શહેરી વર્ગના પ્રતિનિધિઓના બનેલા મંડળને રાજકોટ શહેર સુધારાઈનો વહીવટ સોંપ્યો હતો. એમણે આરોગ્ય, પડતર જમીન-સુધારણા માટે અને અનાજ શાકભાજી મીઠાઈમાં ભેળસેળ ન થાય એ માટે દેખરેખ રાખવાનું કામ કર્યું હતું. એ કસાઈખાનાની અને શ્મશાન-કબ્રસ્તાનની દેખરેખ રાખતી હતી.

રાજકોટમાં રાજાશાહી હોવા છતાં પ્રજાના પ્રતિનિધિઓ આ બાબતની ચર્ચા કરી નિર્ણયો કરતા હતા; જેમકે રાજકોટ શહેરને કેટલું વધારવું, કેમ વધારવું, કેમ ભાગ પાડવા, રિક્રિયેશન માટે શી સગવડ કરવી, ચોક ક્યાં કેટલા કેવડા રાખવા, એના રિપોર્ટની પ્રજાપ્રતિનિધિ સભામાં ચર્ચા થયે મંજૂર કરી અમલ કરવામાં આવતો હતો.

સરધારના હરિજન લોકોને પીવાના પાણી માટે કેટલીક તકલીફ હતી ત્યારે એમને ગામના પિયાવથી પાણી ભરવાની છૂટ આપી.

રાજકોટમાં ઈ.સ. ૧૯૨૭થી સાઈકલધારો પણ અસ્તિત્વમાં આવ્યો. એ મુજબ ભાડૂતી સાઈકલના પાછલા પૈડે લીલો રંગ લગાડી ધોળા અક્ષરથી ટેક્સી RJT NO — લખવું. ખાનગી સાઈકલે પૈડાના પંખા ઉપર બ્લુરંગ લગાડી ધોળા અક્ષરથી ટેક્સી RJT NO — લખવું. સૂર્યાસ્ત પછી લાઈટ રાખવી અને ભાડૂતી સાઈકલો ૧૬ વર્ષથી નીચેની વયના છોકરાને ભાડે ન આપવી.

આ લઘુનિબંધની ઉપરની બાબતો તપાસતાં અને જોતાં જણાયા વગર રહેતું નથી કે આજની લોકશાહીના અને રાજકોટની રાજાશાહીના કાયદાઓમાં કાંઈ તફાવત હોય; જો કે આ નિબંધમાં બાવાજીરાજ અને લાખાજીરાજ એમ બે રાજવીઓના શાસનકાલને જ સાંકળવામાં આવ્યો છે. ક્યારેક તો એવો ભાસ થાય છે કે આ રાજવીઓએ લોકશાહીના શાસકો કરતાં પણ સારો વહીવટ તેમ સગવડતા પૂરી પાડ્યાં હતાં. આ લઘુનિબંધમાં લાખાજીરાજ જેવા પ્રજાવત્સલ રાજવીની એક એવી બાબત જોવા મળી કે જે આપણને ન ગમે. એમણે અંગ્રેજોને પ્રથમ વિશ્વયુદ્ધમાં તનમનધનથી સાથ સહકાર આપ્યો અને અંગ્રેજો જીતે એ માટે રાજકોટમાં પ્રાર્થના-સભાઓ પણ જાહેર રજા રાખી યોજી હતી. જો આ બાબત આપણે ન નોંધીએ તો ઇતિહાસના વિદ્યાર્થી તરીકે ઊણા ઊતર્યા ગણાઈએ.★

ઠે. સુભાષ મહિલા કૉલેજ, જૂનાગઢ-૩૬૦૦૦૧

**પાદનોંધ**


૧. રાજકોટ સ્ટેટનો એ.ડી.એમ. રિપોર્ટ ઈ.સ. ૧૯૧૬, પૃ. ૨૩, ૩૧
૨. રાજકોટ સ્ટેટનો એ.ડી.એમ. રિપોર્ટ ઈ.સ. ૧૯૧૬, પૃ.૧૧
૩. Shah Amritlal–The Hind Rajasthan or the Native States of India, Vol. 1 Ahmedabad- A.D. 1891, પૃ. ૧૮૪
૪. ભટ્ટ ત્રિભુવન પુરુષોત્તમ-સંસ્થાન રાજકોટનો સારસંગ્રહ, ભાગ-૧, રાજકોટ, ઈ.સ. ૧૯૪૨, પૃ. ૧૯૮
૫. ભટ્ટ ત્રિભુવનપુરુષોત્તમ-સંસ્થાન રાજકોટની ડિરેક્ટરી, ભાગ-૩, રાજકોટ, ઈ.સ. ૧૯૨૯
૬. ભટ્ટ ત્રિભુવનપુરુષોત્તમ-સંસ્થાન રાજકોટની ડિરેક્ટરી, ભાગ-૨, રાજકોટ, પૃ. ૧૩૦
૭. રાજકોટ ડિરેક્ટરી ભાગ-૩, પૃ.૨૦ ૮. રાજકોટ ડિરેક્ટરી ભાગ-૪, પૃ. ૩૩૭
૯. રાજકોટ સ્ટેટનો એ.ડી.એમ. રિપોર્ટ ઈ.સ. ૧૯૨૬, પૃ. ૧૧


★આ લઘુનિબંધ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદમાં ફેબ્રુ, '૯૭ માં વંચાયો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજકોટ સત્યાગ્રહમાં બહેનોનો ફાળો : (૧૯૩૮-૩૯)

ડૉ. દર્શના પટેલ

રાજકોટના રાજવી તરીકે લાખાજીરાજ હતા અને એમના દીવાન તરીકે ગાંધીજીના પિતા હતા. રાજા અને દીવાન બંનેએ પ્રજાવિકાસનાં કાર્યોમાં ઊંડો રસ લઈ એને અમલમાં મૂક્યાં હતાં. લાખાજીરાજ પછી ગાદીએ આવનાર એમના પુત્ર ધર્મેન્દ્રસિંહજી હતા અને એમના દીવાન તરીકે વીરાવાળા હતા. ધર્મેન્દ્રસિંહજી સુરા અને સુંદરીની રંગતમાં ડૂબેલા રહેતા અને અઢળક ખર્ચ કરતા. રાજ્યની કુલ આવકમાંથી રાજ્ય પોતે ૧૧ ભાગનો અને પ્રજા માટે એક ભાગનો ઉપયોગ કરતું હતું.[1]

રાજાને મોજશોખમાં રાખી દીવાન વીરાવાળા પોતાના હાથમાં રાજ્યવહીવટનો દોર રાખવા માગતા હતા, આથી રાજાની નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા એમણે અનેક પ્રકારના કરવેરા પ્રજા પર નાખવાની શરૂઆત કરી, તદુપરાંત કેટલીક જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ઇજારા-પદ્ધતિથી વેચવાની શરૂઆત કરી, આથી રાજા તથા દીવાનની આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે પ્રજામત બળવાન બન્યો અને આ અંગે રાજકોટના કેટલાક આગેવાનો ગાંધીજીને મળ્યા ત્યારે ગાંધીજીએ "કાઠિયાવાડ રાજકિય પરિષદ"નું અધિવેશન બોલાવવાની અને રચનાત્મક પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકી સંગઠન ઊભું કરવા જણાવ્યું. રાજકોટમાં અગ્રણીઓએ આ કાર્ય માટે સરદારને પોતાના નેતા તરીકે પસંદ કર્યા.[2]

ગાંધીજીના કહેવાથી સાત વર્ષ બાદ 'કાઠિયાવાડ રાજકીય પરીષદ'નું ૬ ઠ્ઠું અધિવેશન ૬-૧૧-૧૯૩૭ થી ૮-૧૧-૧૯૩૭ સુધી દરબાર ગોપાળદાસ દેસાઈના પ્રમુખપદ હેઠળ રાજકોટમાં લોહાણા બિલ્ડિંગમાં મળ્યું.[3] આ અધિવેશનમાં રાજકોટવાસીઓના અવાજને વાચા આપવા અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરી સંગઠન લાવવા 'રાજકોટ પ્રજામંડળ'ની સ્થાપના કરવાનું નક્કી કરાવ્યું.

'રાજકોટ પ્રજામંડળ'ની સ્થાપના પછી મોટા પાયા પર રચનાત્મક કાર્યક્રમો હાથ ધર્યાં, પરંતુ રાજ્ય તરફથી વધતા જતા કરવેરાઓ સામે રાજકોટની પ્રજાએ આંદોલનના શ્રીગણેશ કર્યા.

સૌ-પ્રથમ રાજ્યે ખેડૂત પર કર નાખ્યો, પરંતુ એ આવક ઓછી પડતાં રાજ્યે ખાંડ ઉપર ઇજારો નાખ્યો. આ ઇજારાનો વિરોધ થતાં રાજ્યે એ ઇજારો કાઢી નાખ્યો અને નવા ઇજારા નહિ નાખવાનું વચન આપ્યું, છતાં દિવાસળી સિનેમા બરફ ઉપર ઇજારો આપવામાં આવ્યો.[4] આની સામે પ્રજામત વધારે બળવાન બન્યો અને અનેક જાહેરસભાઓ ભરાઈ. આ ઇજારાઓ હજી નાબૂદ નહોતા થયા ત્યાં કાર્નિવલ કમ્પનીને રાજકોટમાં જુગારખાનું ચલાવવાની છૂટ આપી, આથી 'જન્મભૂમિ'માં દેશી રાજ્યોની અંધેરશાહીને લગતા લેખો લખી પ્રજામત વધારે પ્રજ્વલિત કરવામાં આવ્યો અને અનેક જાહેરસભાઓ તથા સરઘસોનું આયોજન થયું તો સામે રાજ્ય તરફથી પણ દમનનો દોર છૂટો મુકાયો અને નોટિફિકેશનની વણજાર શરૂ થઈ.

સરદારે આ બાબતે રાજકોટવાસીઓને જણાવ્યું કે "એક એક અનિષ્ટ માટે લડત કરો તો કેટલાય ભવ નીકળી જાય માટે એવા તત્ત્વની માગણી કરો કે જે તત્ત્વ માટે પ્રજાની શક્તિ મપાઈ જાય અને એ પ્રજા મેળવી શકે તો એનાં તમામ દુઃખોનો એકસામટો અંત આવે. આ માગણી હતી પ્રજાને જવાબદાર રાજ્યતંત્રની".[5]

રાજકોટ પ્રજા-પરિષદની ૫-૯-૩૮ની બેઠકમાં પ્રજા વતી જવાબદાર રાજ્યતંત્રની માગણીનો ઠરાવ પસાર થયો[6] અને રાજકોટમાં તથા એના દરેક ગામડામાં જવાબદાર રાજ્યતંત્રનો અર્થ સમજાવી આંદોલનને મજબૂત બનાવાયું.

રાજકોટનાં અને ગામડાંઓનાં પ્રજાજનો દ્વારા શરૂ કરાયેલ આંદોલનમાં ઘૂંઘટની આડમાં રહેતી



For Private and Personal Use Only

કાઠિયાવાડની બહેનોએ પૂરા જોશ સાથે પોતાના ખમીરને બતાવ્યું. બહેનોએ આંદોલનમાં ભાગ લેવાની શરૂઆત સભાઓ અને સરઘસો દ્વારા કરી, ત્યારબાદ પિકેટિંગ અને પરિષદની અન્ય પ્રવૃત્તિઓમાં જોડાઈ.

૯ મી નવે. શ્રી ઢેબરભાઈની ધરપકડ થતાં પ્રચંડ હડતાળ પડી અને સરઘસ કાઢવામાં આવ્યું. આ સરઘસ ઉપર લાઠીમાર કરવામાં આવ્યો ત્યારે બહેનો હાજર હતી અને લગભગ ૩૦ જેટલી બહેનોની ધરપકડ કરવામાં આવી. આ બહેનોમાં જડીબહેન જીવરાજ, વ્રજકુંવર હીરાલાલ દોશી, રુક્ષ્મણીબહેન વગેરેનો સમાવેશ થયો હતો.[૭]

**ચબૂતરા સત્યાગ્રહ :** આઝાદચોકમાં એક ચબૂતરો હતો, જેનો રાજકોટના નેતાઓ એક મંચ તરીકે ઉપયોગ કરતા હતા. એ રાજકીય ચેતના આપનાર અખંડ ઝરો હતો, આથી એ ચબૂતરાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી ત્યાં પોલીસ પહેરો ગોઠવી દીધો. જેઠાલાલ જોશીના શબ્દોમાં ચબૂતરો માત્ર સભાસ્થાન જ નહોતો કે એક જગ્યાએ પ્રતિબંધ મુકાય એટલે બીજે ઠેકાણે ફેરવી નાખે. એ ચબૂતરા સાથે મીઠાં સંસ્મરણો જોડાયાં હતાં. પરિણામે રાજકોટવાસીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. નારણદાસે ચબૂતરાનો કબજો ન મળે ત્યાંસુધી ત્યાં જ ઊભા રહેવાની પ્રતિજ્ઞા કરી. એમની સાથે સત્યાગ્રહમાં પહેનો પણ જોડાઇ. બહેનોએ જુદી જુદી ટુકડીઓ કરી સત્યાગ્રહમાં એક એક કલાક પોતાની ફરજ બજાવી. આખરે ૩૬ કલાક બાદ રાજ્યે પોલીસને ત્યાંથી ઉઠાવી.[૮]

વધતી જતી સ્ત્રીશક્તિને મણિબહેન પટેલ અને મૃદુલાબહેનના આગમનથી વેગ સાંપડ્યો. ૯ મી નવેમ્બરે બધા આગેવાનોને પકડી લીધા પછી રાજકોટમાં લડતનો દોર સંભાળવા માટે મણિબહેન અને મૃદુલાબહેનનું આગમન થયું હતું. એમણે જાગ્રત બહેનોને લડતના પવિત્ર કાર્યમાં કામે વળગાડી અને અઝાદ મેદાનના મંચ ઉપર લાવીને મૂકી.

આઝાદચોકમાં તા. ૧૪-૧૧-૩૮ના રોજ મણિબહેને બહેનોની એક જાહેરસભાનું આયોજન કર્યું. આ સભામાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો અને એમાં મણિબહેને પ્રેરણાત્મક ભાષણ કર્યું, સાથે સાથે સ્ત્રીજાગૃતિને વધારવા મૃદુલાબહેને બહેનોની છાવણી શરૂ કરી અને એમને તાલીમ આપવાનું ચાલુ કર્યું. રાજકોટના વીજળી કારખાનાના બહિષ્કારનો કાર્યક્રમ ઘેર ઘેર જઈ સમજાવવાનું તથા અમલ કરવાનું કામ બહેનોએ ઉપાડી લીધું, તો બીજી બાજુ સૌ-પ્રથમ વાર દારૂની દુકાનો પર બહેનોએ પિકેટિંગ-કાર્ય શરૂ કર્યું, એ તો સામે રાજ્ય તરફથી ઘણી બહેનોની ધરપકડ કરવામાં આવી.[૯]

**સરદારનો લડત અંગે પ્રતિભાવ :** રાજ્ય તરફથી થઈ રહેલ દમન સામે સરદારે મુંબઈમાં આપેલ ભાષણમાં જણાવ્યું હતું કે 'એક દિવસ એવો આવશે કે રાજકોટનો રાજા નમતો આવશે તથા રાજકોટની બહેનો ઉપર જેમણે લાઠીઓ વીંઝાવી છે તે તો રસ્તે પડી ગયા હશે અને એક દિવસ એવો આવશે કે જ્યારે પ્રજા પાસે સત્તા હશે.

**લડત અંગે બાપુનો પ્રતિભાવ :** બાપુએ ૧૪ મી નવે. મહાદેવ દેસાઇનો લખેલા પત્રમાં જણાવ્યુ કે "રાજકોટનું કોકડું ગૂંચવાયું છે,[૧૦] પણ જ્યાંસુધી એના ગ્રહ સીધા છે ત્યાં સુધી અવળું લાગતું પણ સવળું બનશે. મણિ પોતાનું પાણી બતાવી રહી છે. એવી દીકરી બીજી ભાળી નથી."[૧૧]

ગાંધીજીનો આ પત્ર દર્શાવે છે કે મણિબહેને રાજકોટની લડતમાં કેટલો આગળ પડતો ભાગ લીધો હશે અને સ્ત્રીશક્તિને જાગ્રત કરી હશે.

**ગ્રામીણ સ્ત્રીઓમાં આવેલી જાગૃતિ :** ગ્રામીણ સ્ત્રીઓમાં જાગૃતિ લાવવા મણિબહેને ગામડાંઓમાં ફરવાની અને બહેનોને સમજાવવાની શરૂઆત કરી. ત્યારબાદ ગ્રામકૂચ માટે બહેનોને તૈયાર કરી. આ સમય દરમ્યાન સરલાબહેન કે જે પાલીતાણાના બહાદુર કાર્યકર્તા શંભુભાઈનાં પત્ની હતાં તેમની પર કોઈ પણ જાતના ગુના વગર હેવાનિયત આચરવામાં આવી. એમણે જણાવેલ કે જયંતીલાલ ફોજદારે હું ચોરેથી જતી હતી ત્યારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વયંસેવકોના ગાડામાં બેસવા કહ્યું. એમાં બેસવાની ના પાડતાં એમના માણસો મને ઢસડીને લઈ જવા લાગ્યા અને એમાં ત્રણ-ચાર પગથિયાં ચૂકી જવાથી મને વાગ્યું છતાં મને પકડીને ગાડામાં નાખી ખીરાસર ગામના પ્રાદરે ઉતારી દેવામાં આવી.

ચીભડા ગામમાં જયંતીલાલ ફોજદારે શરૂ કરેલા અત્યાચાર સામે મણિબહેને ચીભડા સુધીની કૂચનું આયોજન કર્યું. આ કૂચમાં ઘણી બહેનો જોડાઇ આથી જયંતીલાલનો પિત્તો ગયો, એમણે ગામડાંના લોકોને લડતના કાર્યકરોને સહકાર ન આપવા જણાવ્યું એમ છતાં ગામના લોકોએ સહકાર આપ્યો તો એક જ ઘરનાં સાત માણસોને ખૂબ માર્યાં.[૧૨]

રાજ્ય તરફના દમન સામે ગ્રામીણ પ્રજાએ પોતાના ધ્યેયમાંથી ચલિત થયા વગર લડતને એકધારી ગતિએ આગળ વધારી. ૨૪ મી નવે. સરધાર મહાલનાં ગામડાંઓમાં ફરે એવી કૂચનું આયોજન કરવામાં આવ્યું. આ કૂચ હલેન્ડાથી શરૂ કરી અન્ય ગામોમાં ફરી. આ કૂચને વિદાય મણિબહેન પટેલે આપી. આ કૂચની અંદર ખેડૂત બહેનો જોડાઈ. શહેરનાં હીરાબહેન શેઠ અને બીજાં ચાર બહેનોની દોરવણી નીચે શિસ્તબદ્ધ રીતે કૂચ આગળ ચાલી. કૂચ ઉમરાળી પહોચતાં ત્યાંથી ૩૬ બહેનો પોતાનાં કામકાજ મૂકી કૂચમાં જોડાઈ. હોડથલીમાં આ કૂચનું ભવ્ય સ્વાગત થયું. ત્યાં રાણીબહેન નામની પંદર વર્ષની કણબી કન્યાએ કણબણો લડતમાં પાછી નહિં પડે એની ખાતરી આપી. આમ આ કૂચ સ્ત્રીજાગૃતિને કારણે સફળ થઈ.[૧૩]

કણકોટમાંથી ૨૫ નવેમ્બરે બે બહેનો અને ૧૧ સ્વયંસેવકોને પકડી એમને ભૂખ્યાં બેસાડી રાખવામાં આવ્યાં હતાં, જાવડી ગામે પણ સ્ત્રીઓએ લડતને ટેકો આપ્યો.[૧૪]

ત્યારબાદ બીજા અનેક કાર્યક્રમોમાં સ્ત્રીઓ જોડાઈ તો આની સામે રાજ્યે પણ દમનનો દોર છૂટો મૂક્યો. બહેનોની ધરપકડ કરવામાં આવી, એમની સામે અપશબ્દો પણ બોલવામાં આવતા છતાં ગ્રામીણ સ્ત્રીઓ હિંમતભેર આગળ આવતી થઈ.

ગ્રામીણ બહેનોને લડત માટે બહાર લાવવી નાની-સૂની બાબત નહોતી, આથી ગાંધીજીએ ૨૮ નવે. મણિબહેનને કાગળ લખી જણાવ્યું કે

'તારો કાગળ મળ્યો. આટલા કામમાં તું કાગળ લખી શકે છે એવી આશા નહોતી. છેટે બેઠાં તારાં પરાક્રમો નિહાળી રહ્યો છું..તારી હિંમત વિશે મારા મનમાં કોઇ શંકા નહોતી. તું જેલમાં ન જતી, એ કામ રાજકોટવાળાનું છે.'[૧૫]

પરંતુ રાજકોટની લડતમાં ઊંડા ઊતરી ગયેલાં મણિબહેનની ૨ ડિસે. ધરપકડ કરવામાં આવી. ધરપકડની રાજકોટનાં પ્રજાજન પર અણધારી અસર થઈ અને જે લોકો રાજ્યને વફાદાર હતા તેવો વર્ગ પણ પરિષદની પડખે ઊભા રહેવાની પ્રતિજ્ઞા કરી. મણિબહેનની ધરપકડના વિરોધમાં રાજકોટમાં અને ગામડાંઓમાં ઠેર ઠેર કૂચનું આયોજન કરવામાં આવ્યું અને શહેરમાં હડતાલ પાડવામાં આવી.

રાજકોટ શહેરમાં બહેનોએ મણિબહેનની ધરપકડના વિરોધમાં દરબારગઢ ઉપર બમણા વેગથી પિકેટિંગ-કાર્ય શરૂ કર્યું તો ત્યાંથી પણ બહેનોની ધરપકડ કરવામાં આવી, પરંતુ પાછળથી એમને થોડી હેરાન કર્યા પછી છોડી દેવાઈ.

જેમ શહેરની બહેનોએ જોરજોરથી પિકેટિંગ-કાર્ય ઉપાડેલ તેમ ગામડાંઓની બહેનોએ પણ પાછી પાની કરી નહોતી. રફાળા ગામમાં જુદાં જુદાં ગામોની ૩૦૦ બહેનોએ ભેગા મળી સંમેલન યોજ્યું હતું. આ સંમેલનમાં પ્રમુખપદે નૂરબાઈ હતાં. આ સંમેલનમાં ખેરડીનાં જમનાબહેન અને કુંવરબહેને ભાષણો કર્યાં. આ ભાષણોમાં ગ્રામીણ બહેનોને લડત માટે ઘરની બહાર નીકળી પરિષદની પ્રવૃત્તિઓમાં જોડાવાની, પરિષદની પડખે ઊભા રહેવાની અને પોતાના હક્કો માટે લડી લેવાની સૂચના અપાઈ હતી.[૧૬]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મણિબહેનની ધરપકડ કર્યા પછી રાજ્યમાં એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે મણિબહેનને સજા કરવી કે ન કરવી, આના જવાબરૂપે કેડલે સજા ફરમાવવાનું જણાવ્યું, જ્યારે કાઉન્સિલના બીજા સભ્યોનો મત એવો હતો કે એમને સજા કર્યા વગર છોડી દેવાં. અંતે મણિબહેનને એક માસની સજા ફટકારવામાં આવી અને સો રૂપિયા દંડ કરવામાં આવ્યો.

**લડતનો દોર મૃદુલાબહેનના હાથમાં :** મણિબહેનની ધરપકડ થયા પછી મૃદુલાબહેને લડતનો દોર સંભાળ્યો હતો. ૧૧મી ડિસે. આઝાદચોકના મંચ ઉપરથી એમની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ સભા પૂરી થયા પછી એમને છોડી મૂકવામાં આવ્યાં, છતાં ૧૨મી ડિસે. એમની ફરી ધરપકડ કરી જેલમાં લઈ જવામાં આવ્યાં.

૧૨મી ડિસેમ્બરે થયેલ સભામાં કેટલીક ભાષણ આપતી સ્ત્રીઓની ધરપકડ કરવામાં આવી, જેમાં ભારતીબહેન શુક્લ, સવિતાબહેન, ભાનુબહેન વગેરેને પકડવામાં આવ્યાં. મૃદુલાબહેનને પણ એક માસની સજા તથા સો રૂપિયા દંડ અને જો દંડ ન ભરે તો સાત દિવસની જેલની સજા વધારે કરવામાં આવી.[૧૮]

મૃદુલાબહેનની ધરપકડ પછી આ લડતમાં બહેનોએ સભાઓ, સરઘસો, કૂચ, પિકેટિંગ, અસહકાર અને ભાષણો આપવા સહિતના દરેક કાર્યક્રમમાં ભાગ લઈ લડતને વેગવંતી બનાવી હતી.

**સમાધાન :** ૨૬મી ડિસે. સમાધાન થતાં બધી સત્યાગ્રહી બહેનો અને કેદીઓને છોડી મૂકવામાં આવ્યાં, રાજકોટની લડતને વેગ આપવામાં બહેનોનો ફાળો ઘણો મોટો ગણાવી શકાય. કાઠિયાવાડ જેવા પ્રદેશમાં જ્યાં સ્ત્રીઓ ખાસ કારણો વિના ઘરની બહાર નીકળતી ન હોય અને વડીલોની મર્યાદામાં રહીને કામ કરતી હોય તેવી સ્ત્રીઓએ જુદી જુદી રીતે લડતમાં ભાગ લીધો હતો અને અત્યાચારો વેઠ્યા હતા.

**સમાધાન તોડવાના પ્રયાસો :** ઠાકોર સાહેબના નિમંત્રણથી રાજકોટ આવી લાંબી ચર્ચા-વિચારણાના અંતે સમાધાન થયું, પરંતુ એમાં બ્રિટિશ રેસિડેન્ટ ગિબ્સનને વચ્ચે રાખવામાં આવ્યા ન હોઈ તરત જ ૨૮મી ડિસે.થી જ સમાધાન તોડવાના પ્રયાસો શરૂ કર્યા, કેમકે ઉપરની આવડી મોટી સરકારને મૂકી કોઈ રાજા જો સીધું સમાધાન કરી લે તો પછી બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચી જાય. ગિબ્સને ઠાકોરસાહેબ, વીરાવાળા અને કાઉન્સિલના સભ્યોને ૨૮મી ડિસે. બોલાવી સરદારને નિમંત્રણ કોણે આપ્યું, સરદાર સાવ બિનભરોસાપાત્ર માણસ છે વગેરે કહી ઊલટ તપાસ લીધી,[૧૯] તો બીજી તરફ કુટનીતિજ્ઞ વીરાવાળાએ તક સાધી ઠાકોર રેસિડેન્ટની સલાહ પ્રમાણે વર્તશે એવી રીતે કહ્યું. ઠાકોર તો વીરાવાળા કહે તેટલું જ કરવા તૈયાર હતા.

ગિબ્સનના કહેવાથી રાજ્ય તરફથી મુસ્લિમોને અલગ મતાધિકારની માગણી કરવાનું સૂચવવામાં આવ્યું, આથી મુસ્લિમોએ અલગ મતાધિકારની માગણી કરી, પછી ગરાશિયા, દલિતો વગેરેમાં પડી શકે તેટલા ભાગલા પડાવવાની ચાલ ચાલવામાં આવી.

**સમાધાન તૂટ્યું :** સમાધાન પ્રમાણે સરદારે કમિટીનાં સાત નામો સૂચવ્યાં તો એમાંથી ત્રણ નામો મંજૂર ન કર્યાં એ માટે ભળતા કારણો દર્શાવાયાં અને સરદારને જણાવાયું કે કમિટી અગત્યના બધા વર્ગોનો વિશ્વાસ ધરાવે એવી હોવી જોઈએ.[૨૧]

આમ સરદારે સૂચવેલાં નામોની સામે ભળતાં નામો સૂચવાતાં સમાધાન પડી ભાંગ્યું, આથી સરદારે ફરી લડતનો આદેશ આપ્યો.

**ફરી લડતનાં મંડાણ :** પ્રથમ લડત દરમ્યાન જાગ્રત થઈ ગયેલી બહેનોએ બીજી લડત દરમ્યાન પણ એટલો જ અદમ્ય ઉત્સાહ દર્શાવ્યો. ગામડે ગામડે પરિષદના કાર્યકરો દ્વારા ભરાઈ રહેલી સભાઓમાં સ્ત્રીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. કોઠ-પિપળિયામાં ભરાયેલ સભામાં ૧૦૦ પુરુષો સાથે ૭૫ સ્ત્રીઓએ હાજરી આપી હતી.[૧૯] આ એક જ ઉદાહરણ સ્ત્રીજાગૃતિ દર્શાવે છે.



For Private and Personal Use Only

રાજકોટ શહેરની ૨૬મી જાન્યુ. ૧૯૩૯ ની સાંજે સાડાચાર વાગ્યે સાંગળવાચોકમાં વીજળી-વિરોધક સરઘસનું આયોજન થયેલ તેમાં ૫૦ જેટલી બહેનો સામેલ થઈ હતી અને જ્યારે આ સરઘસ સભાના સ્વરૂપે પરિવર્તિત થયું ત્યારે ૩૦૦ સ્ત્રીઓએ ભાગ લીધેલો.[૨૦]

રાજકોટ શહેરમાં દાણા-ચોકમાં બહેનોની એક સભા ભરાઈ હતી અને બહેનોએ ભાષણ કર્યાં હતાં. એ સમયે સભામંચ ઉપરથી પાંચ સૈનિકોને પકડી ચોટીલા લઈ જવામાં આવ્યા હતા અને લડતને સંપૂર્ણપણે દાબી દેવા પ્રેસ રિપોર્ટરો, ફોટોગ્રાફરો અને ગામના બીજા પ્રતિષ્ઠિત શહેરીઓ ઉપર નોટિસો બજાવવામાં આવી. આમ રાજ્ય તરફથી દમનનો દોર છૂટો મૂકવામાં આવ્યો હતો.

ચીભડા ગામની સભામાં બહેનોને કાયદાનો ભંગ કરવા તૈયાર રહેવાનું જણાવાયેલ અને ચીભડા ગામે ૩૧મી જાન્યુ.એ એક કૂચનું આયોજન પર કરવામાં આવ્યું હતું.[૨૧]

**કસ્તૂરબા-મણિબહેનનું રાજકોટ આગમન :** રાજ્યના વધતા જતા દમનથી કસ્તૂરબાનું હૈયું પીગળી ગયું અને તેથી એઓએ રાજકોટ જવાની જીદ પકડી, આથી એમની તબિયત સારી ન હોવા છતાં કસ્તૂરબાના આગ્રહને ધ્યાનમાં રાખી મણિબહેન સાથે જવાની સંમતિ સરદારે આપી, આથી ૩ જી ફેબ્રુઆરીએ કસ્તૂરબા અને મણિબહેન રાજકોટ પહોંચ્યાં. તરત જ એમના હાથમાં વાલેરાવાળાએ નોટિસ મૂકી : 'રાજ્યની હદમાં તમારા દાખલ થવાથી અશાંતિનો ભય રહે છે માટે બે માસ સુધી તમારે રાજકોટની હદમાં દાખલ થવું નહિ.' પરંતુ સ્ટેશન એજન્સીની હદમાં હોઈ એમના સ્વાગત માટે આવેલા લોકોએ હર્ષોલ્લાસના પોકારો વચ્ચે એમનું સરઘસ કાઢ્યું. એજન્સીની હદ પૂરી થતાં સરઘસને અટકાવવામાં આવ્યું અને મણિબહેન તથા કસ્તૂરબાને ગિરફતાર કરી સણોસરા ગામે લઈ જવાયાં અને ત્યાં એમને દરબારી ઉતારામાં રાખવામાં આવ્યાં. આ કહેવાતો દરબારી ઉતારો આવાવરુ નાનું મકાન હતું. ત્યાં એમને નજરકેદ રાખવામાં આવ્યાં, જેમાં એમને સૌથી વધારે અગવડો પડે એવી વ્યવસ્થા રાખવામાં આવેલ. આ અંગે મણિબહેને બાપુને પત્ર દ્વારા જાણ કરેલ.

થોડા સમય પછી સણોસરામાંથી કસ્તૂરબાને ખસેડી અલગ જગ્યાએ લઈ જવામાં આવ્યાં. આથી મણિબહેન ઉપવાસ ઉપર ઊતર્યાં અને એમણે સત્તાવાળાઓને જણાવ્યુ કે "બાને આવી રીતે એકલાં રાખ્યાં છે એની સામે મને વાંધો છે. મને અથવા બીજી જાણીતી બહેનને બાની સાથે રાખવામાં નહિ આવે ત્યાંસુધી હું જમવાની નથી'.

શ્રીમણિબહેનના આ નિર્ણયની જાણ થતાં બીજા કેદીઓ પણ ઉપવાસ ઉપર ઊતર્યા, આથી બે દિવસ પછી ૧૧મી ફેબ્રુઆરીએ મણિબહેન અને કસ્તૂરબાને ત્રંબાના ગેસ્ટહાઉસમાં રાખવામાં આવ્યાં અને એમની તહેનાતમાં એક નર્સ રાખવામાં આવી.[૨૨]

એક બાજુ રાજ્ય તરફથી કસ્તૂરબા અને મણિબહેન તરફ અયોગ્ય વર્તન દાખવવામાં આવતું હતું ત્યારે રાજકોટની બહેનો રોજ સાંગળવાચોકમાંથી પ્રભાતફેરી કાઢતી અને એ ઉપરાંત પરિષદનાં તમામ કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતી હતી, તો રાજ્ય તરફથી પણ દમનનો એવો જ દોર છૂટો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ લડતને ઉગ્ર બનાવવા મૃદુલાબહેન પણ રાજકોટ આવ્યાં. એમને કસ્તૂરબા અને મણિબહેનની સાથે રાખવામાં આવ્યાં.

રાજકોટની સ્ત્રીઓએ કસ્તૂરબા સામેના વર્તન બદલ વિરોધ નોંધાવ્યો. તા. ૧૧મી ફેબ્રુઆરીએ સરમુખત્યાર જયાબેન શુક્લ, જયકમલાધારીનાં માતુશ્રી કમલાબહેનશ્રી અને બીજે દિવસે સરમુખત્યાર શ્રીમતી શકરીબાઈ હીરાણીની ધરપકડ કરવામાં આવી. રાજ્યના દમનના ભાગરૂપે અગણિત ધરપકડો શરૂ કરી સાથે સાથે સભા નહિ ભરવા દેવા માટે આઝાદચોક, ગાંધીચોકમાં પાણી છાંટવાનો તેમજ દરબારગઢ ઉપરથી પિકેટિંગ કરતી વ્યક્તિઓને પકડવાનો સીલસીલો ચાલુ રખાયો.[૨૩] બીજી વખત પણ રાજકોટની બહેનોને મણિબહેન અને મૃદુલાબહેન તથા કસ્તૂરબાનો ટેકો મળી ગયો અને એઓએ હૃદયપૂર્વક નેતૃત્વ પૂરું પાડ્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્ય તરફથી સરધારમાં પૂરેલા કેદીઓ પરત્વે અદમ્ય અત્યાચારોએ માઝા મૂકી ત્યારે ગાંધીજીનું હૈયું દ્રવી ઊઠ્યું. આ અંગેની માહિતી કાઉન્સિલના સભ્યોને પૂછતાં યોગ્ય જવાબો ન મળ્યા અને એ સમય દરમ્યાન પણ ગાંધીજીને સરધારના અત્યાચારના સમાચારો મળતા રહેતા આથી સત્ય શું છે એ જાણવા ગાંધીજીનું રાજકોટ આગમન થયું.[૨૪] ગાંધીજીના રાજકોટ આગમન સાથે લડતને બંધ કરવાનો આદેશ અપાયો. ગાંધીજીએ રાજકોટ પહોંચી ગરાશિયા તથા મુસ્લિમોનો સંપર્ક સાધ્યો અને ગૂંચવાયેલ કોકડાને ઉકેલવાનો પ્રયત્ન કર્યો એમાં સફળતા મેળવી. ત્યારપછી કેદીઓ અંગેની માહિતી મેળવી, વીરાવાળા અને ઠાકોરસાહેબ સાથે ચર્ચાવિચારણા કરી, પરંતુ એનાથી રોજકોટના પ્રશ્નમાં કોઇ ફેર પડ્યો નહિ.'

પહેલી માર્ચે ગાંધીજી સવાસો ખેડૂત અને ૨૦ થી ૨૫ સ્ત્રીઓને મળ્યા ત્યારે એઓએ પોતાની દર્દભરી કહાણી સંભળાવી. ત્યારબાદ ગાંધીજી પોતાના સહકાર્યકર્તાઓ ઢેબરભાઈ, વ્રજલાલ શુક્લ, ઇસ્માઇલ હીરાણી, બેચરદાસ જસાણી વગેરેને મળ્યા અને ચર્ચા-વિચારણા દોઢેક કલાક સુધી કરી.[૨૬]

રાજકોટનો પ્રશ્ન ઉકેલવા ઉપવાસ સિવાય બીજો કોઈ માર્ગ ન સૂઝતાં સત્યાગ્રહના અમોઘ અસ્ત્રનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો અને લડતનો બધો બોજો પોતાને શિરે લઈ લીધો.[૨૭] ઉપવાસ ઉપર જતાં પહેલાં છેલ્લી વખત ઠાકોર સાહેબને પત્ર લખ્યો અને જણાવ્યું કે સરદાર સાથે કરેલી સમાધાનની શરતો પાયામાં રાખી ન્યાય આપો. જો આ માગણીને લગતો પત્ર કાલે (૩જી માર્ચ) બપોરે બાર વાગ્યા સુધીમાં નહિ આવે તો ઉપવાસ ઉપર ઉતરીશ. ૩ જી માર્ચે આપેલ અવધિ પ્રમાણે જવાબ ન મળતાં ગાંધીજીએ ઉપવાસનો પ્રારંભ કર્યો. ગાંધીજીના ઉપવાસના સમાચાર વાયુવેગે સમગ્ર સૌરાષ્ટ્રમાં ફેલાયા. આમ, રાજકોટની લડત હવે રાષ્ટ્ર માટે લડતનું કેન્દ્ર બની.

ચોથી માર્ચે ગાંધીજીએ ગિબ્સનને પત્ર લખ્યો તેમાં એમણે દરબાર વીરાવાળા રાજકોટના ખરા રાજ્યકર્તા છે અને એ વિશ્વાસપાત્ર વ્યક્તિ નથી એમ જણાવી અગાઉના સમાધાનને વળગી રહેવા જણાવ્યુ.[૨૮] ગિબ્સને ગાંધીજીના આ પત્રની જાણ વાઇસરૉયને કરી ત્યારે એમણે ઉપવાસ પર જતાં પહેલા પોતાનો (વાઇસરૉયનો) સંપર્ક ન સાધ્યો એ માટે દુઃખ વ્યક્ત કર્યું અને ઠાકોર સાહેબે કરેલા વચનભંગના મુદ્દે ગાંધીજી દિલ્હી આવી ચર્ચા કરે એમ જણાવ્યું. વળતા જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું કે 'જો મને આપના તરફથી એવી સ્પષ્ટ ખાતરી મળે કે મારા ૩ જી તારીખના ઠાકોર સાહેબ ઉપરના પત્રમાંની શરતોનો સારભાગનો અમલ કરવામાં આવશે તો હું ખુશીથી ઉપવાસ છોડી દઈશ.[૨૯] એઓની સામે સાતમી માર્ચે વાઇસરૉયના તારમાં આ વચનભંગ માટે દેશના ન્યાયાલયનો આશ્રય લેવાનું જણાવ્યું અને વડા ન્યાયમૂર્તિનો નિર્ણય છેવટનો ગણવાનું નક્કી થતાં ગાંધીજીએ ૭મી માર્ચ ૨-૨૦ મિનિટે ઉપવાસનાં પારણાં કર્યાં.

દલીલોના અંતે વડા ન્યાયમૂર્તિ મોરીસ ગ્વાયરે ૮મી એપ્રિલે ચુકાદો આપ્યો, જે ચુકાદો પ્રજામત અને સરદાર પટેલની તરફેણમાં આવ્યો. ૯ મી એપ્રિલે ગાંધીજી ચુકાદાનો અમલ કરાવવા રાજકોટ આવ્યા,[૩૦] પરંતુ વીરાવાળાએ ગરાશિયા અને મુસ્લિમોને ફરી ઉશ્કેર્યા અને પછી તો દલિતોને પણ ઉશ્કેરવામાં આવ્યા, આથી ગરાશિયા મુસ્લિમો અને દલિતોએ ગાંધીજી વિરુદ્ધ દેખાવો કર્યા. ગાંધીજી રાજકોટની રાજરમતથી ક્ષુબ્ધ થઈ ગયા અને ગાંધીજીએ રાજકોટના સહકાર્યકર્તા પર સમાધાનની વાત મૂકી કલકત્તા જવાનો નિર્ણય લીધો.

રાજકોટના પ્રશ્ને વીરાવાળાની ખટપટોને લઈને ગાંધીજીએ 'હું હાર્યો' એ મથાળા હેઠળ નિવેદન બહાર પાડ્યું અને પોતાના હાથ ખટપટો સામે નીચે મૂકી દીધા.

**મૂલ્યાંકન :** રાજકોટની સ્ત્રીશક્તિ જાગ્રત થયા પછી જ્યારે ખરેખર અગ્રગણ્ય નેતાઓ જેલના સળિયા પાછળ હતા ત્યારે એમણે નેતૃત્વ પૂરું પાડ્યું, એટલું જ નહિ, આંદોલનને વ્યાપક સ્વરૂપ આપવામાં પણ બહેનોનો ફાળો મોટો હતો, કેમકે રૂઢિચુસ્ત કાઠિયાવાડની સ્ત્રીઓએ પોતાનું સાચું સ્વરૂપ લડત દરમ્યાન બતાવ્યું હતું. આ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરાંત સ્ત્રીઓએ ભલે ઘરની બહાર ન આવી હોય છતાં લડતમાં આંતરિક રીતે ટેકો આપીને પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

અંતે એટલું તારણ બતાવી શકીએ કે લડત ભલે કાવાદાવાને કારણે નિષ્ફળ ગઈ, પરંતુ નારીશક્તિએ વિરાટ સ્વરૂપે જાગ્રત થઈ સહનશીલતા અને મહત્ત્વના પરિષદના કાર્યક્રમોમાં પોતાનું પાણી બતાવ્યું.

ઠે. બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢ-૩૬૨૦૦૧

**પાદટીપ**

૧. કૉન્ફિડેન્શિયલ કાગળોની ફાઈલ, ૭/૧૨૯, પૃ. ૫૧૩ થી ૨૩. ગુજરાત રાજ્ય દફ્તર ભંડારખાનું, ગાંધીનગર
૨. રામનારાયણ ના. પાઠક, સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ, અમદાવાદ, પૃ. ૩૮૦-૩૮૧
૩. કૉન્ફિડેન્શિયલ કાગળોની ફાઈલ, ૭/૧૨૯, પાના નં. ૧૭
૪. કૉન્ફિડેન્શિયલ કાગળોની ફાઈલ, ૭/૧૨૯, પૃ. ૪૫૦, ગુજ. દફ્તરભંડાર ભવન. ગાંધીનગર
૫. રામનારાયણ ના. પાઠક, રાજકોટ સત્યાગ્રહ, ગાંધીનગર, ૧૯૭૪, પૃ. ૬
૬. જેઠાલાલ જોશીની ડાયરી, નોટ નં. -૩, પૃષ્ઠ. ૮-૯
૭. પોલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૧૨૨, પૃ. ૯૧, ગુજરાત રાજ્ય દફ્તર ભંડાર ભવન, ગાંધીનગર
૮. એજન, પૃષ્ઠ-૧૪૯
૯. પોલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૨૧૨, પૃ. ૮૯, ગુજરાત રાજ્ય દફ્તરભંડાર ભવન, ગાંધીનગર
૧૦. 'જન્મભૂમિ' સમાચારપત્ર તા. ૧૨-૧૧-૩૮
૧૧. ગાંધીજીનો અક્ષરદેહ ૬૮, પૃષ્ઠ ૧૨૪
૧૨. પોલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૨૧૨, પૃ. ૮૧
૧૩. પોલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૨૧૨, પૃ. ૧૮૩
૧૪. એજન
૧૫. ગાંધીજીનો અક્ષરદેહ-૬૮, અમદાવાદ, પૃ. ૧૫૩
૧૬. પૉલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૨૧૨, પૃષ્ઠ-૪૩-૪૪ અને પૃષ્ઠ ૧૩-૧૪, ગુજરાત રાજ્ય દફ્તભંડાર ભવન, ગાંધીનગર
૧૭. પૉલિટિકલ એજિટેશન ઈન ગુજરાત, ૧૦/૨૧૨, પૃ. ૪૩-૪૪
૧૮. એજન, પૃષ્ઠ-૩૯
૧૯. હરિજનબંધુ, અંક-૪૮, પૃ. ૩૮૩
૨૦. રામનારાયણ ના. પાઠક, રાજકોટ સત્યાગ્રહ, ૧૯૭૪, ગાંધીનગર પૃષ્ઠ. ૨૩
૨૧. ચળવળ સંબંધી કાગળોની ફાઈલ, ૨૫/૩૮ પૃષ્ઠ ૬૧-૬૨, ગાંધીનગર દફ્તર ભંડાર
૨૨. રાજકોટ મહાલના કૉન્ફિડેન્શિયલ કાગળોની ફાઈલ, ૧૦૬/૧૩૨, પૃષ્ઠ નં. ૧૭ થી ૨૧, ગુજરાત રાજ્ય દફ્તરભંડાર ભવન, ગાંધીનગર
૨૩. ચળવળ સંબંધી કાગળોની ફાઈલ, ૧૯/૧૩૫, પૃષ્ઠ ૩૪-૩૫
૨૪. રાજકોટ મહાલના કૉન્ફિડેન્શિયલ કાગળોની ફાઈલ, ૧૦૬/૧૩૨, પૃ. ૩૭
૨૫. રામાનારાયણ ના. પાઠક, રાજકોટ સત્યાગ્રહ, ૧૯૭૪, અમદાવાદ, પૃષ્ઠ ૩૩-૩૪
૨૬. પેપર કટિંગ્ઝની ફાઈલ ૧૬૮/૧૬૯ - પૃષ્ઠ ૧૧
૨૭. હરિજનબંધુ, અંક-૫૨, પૃષ્ઠ ૪૨૪
૨૮. રામનારાયણ ના. પાઠક, રાજકોટ સત્યાગ્રહ, ૧૯૭૪, પૃ. ૩૭
૨૯. ચળવળ અંગેના ખાનગી રિપૉર્ટની ફાઈલ, ૧૯/૧૩૫, પૃ. ૧૮૧
૩૦. ગાંધીજીનો અક્ષરદેહ - ૬૯, ૧૯૮૪, અમદાવાદ, પૃષ્ઠ ૭-૮
૩૧. એજન પૃષ્ઠ ૨૪-૨૫.
૩૨. ગાંધીજીનો અક્ષરદેહ - ૬૯, ૧૯૮૪, અમદાવાદ, પૃષ્ઠ ૩૨-૩૩
૩૩. હરિજનબંધુ, અંક-૭, પૃ. ૫૫.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાવડા રાજપૂતોનો ઇતિહાસ

*શ્રી અશ્વિન કે. અંતાણી*

ચાવડા સમયના કોઈ શિલાલેખ કે તામ્રપત્રો મળેલ નથી. અભિલેખો સાહિત્ય વગેરેની સાધન સામગ્રીના આધારે જુદી જુદી નોંધ મળે છે તે એકત્રિત કરીને ચાવડા રાજપૂતોનો ઇતિહાસ લખવાનો પ્રયત્ન કરેલ છે. ચાવડા રાજપૂતોએ કચ્છમાં કાળીમાતાને વિંધ્યાચળથી લાવીને પધરામણી કરેલ છે તેથી વિંઝાણા ગામ પાસે માતાજીને "વિંધ્યવાસિની દેવી" તરીકે પૂજવામાં આવે છે. કાળીમાતા અસુરને મારનાર શક્તિ તરીકે પૂજાય છે. અસુર શબ્દ વિદેશી લોકો માટે વાપરવામાં આવે છે. વિદેશી લેખકોએ એમનાં પુસ્તકોમાં હિંદ પર સફળ આક્રમણ કરેલ હોવાની માહિતી લખેલ છે, પરંતુ આક્રમણને અંતે સ્થાયી સત્તાની સ્થાપના કરેલ હોવાના ઉલ્લેખ લખેલ નથી. આના પરથી રશબ્રુક વિલિયમે એમના પુસ્તક 'બ્લેક હિલ'માં સ્થાયી સત્તા નહિ સ્થાપવાનું કારણ ચાવડા રાજપૂતોની સમુદ્ર પરની સત્તા માનેલ છે. કવિ પદ્મગુપ્તના 'નવસાહસાંકચરિત'ના આધારે 'ચક્રવર્તી ગુજરો'માં મુનશીએ શત્રુને મારનાર તરીકે પરમાર કહેવાયા અને ચાવડાને પરમારની શાખા કહેલ છે. દુર્ગાશંકર શાસ્ત્રીએ 'ગુજરાતનાં તીર્થસ્થાનો'માં ઓખાથી વિદેશી સકુર બેલિમને સિંધ તરફ રવાના કરીને ચાવડા સત્તામાં આવેલ કહેલ છે. ઇલિયટે સિંધ પર ઇરાનના નોશેરવાને ચડાઈ કરેલ કહેલ છે. ફરિસ્તાના આધારે રાસમાલામાં ફોર્બસે નૌશેરવાને વલભીપુર પર ચડાઈ કરેલ માનેલ છે અને જૈન લેખકોને આધારે વિ. સ. ૪૭૭–ઈ. સ. ૪૨૧માં આ ચડાઈ થયેલ હોવાનું લખેલ છે. નોશેરવાનનું મરણ ઈ. સ. ૪૭૮માં થયું છે. આ ચડાઈ થવાથી જૈનો શ્રીપાલ ગયા હતા. શ્રીપાલ ચાવડા રાજપૂતોની રાજધાની હતી એમ ગૌરીશંકર ઓઝાએ કહેલ છે.

પૂર્વભારત જૈન પંથનું કેન્દ્ર હતું. અહીંથી જૈન સમૂહ વલભીપુર આવેલ હતો. અલ્તેકરે 'હિસ્ટરી ઑફ એન્શિયન્ટ ટાઉન્સ ઑફ ગુજરાત એન્ડ કાઠિયાવાડ'માં ભરૂચથી કપડવંજ થઈને ભીલસા, સાંચી, અને પાટલીપુત્ર રાજમાર્ગ હોવાનું લખેલ છે. વલભીપુરમાં જૈન અને બૌદ્ધ વચ્ચે વિવાદ થતાં જૈન વલ્ભીપુર છોડીને શ્રીપાલ ગયા એમ જૈન લેખકો કહે છે. વલભીપુરના રાજાઓનાં બધાં મળીને કુલ ૧૧૭ દાનપત્રો મળેલ છે તેમાં કોઈ પણ દાનપત્રમાં જૈનના ગ્રંથો, સાધુઓ, ઉપાશ્રયો કે તીર્થસ્થાનોનો ઉલ્લેખ નથી, તેથી જૈનો અંગેના જે ઉલ્લેખો એ સમયના મળે છે તે ચાવડા રાજપૂતો સાથે સંબંધિત હોવા જોઈએ. શ્રીપાલપુરાણના આધારે ઉમાશંકર જોશીએ 'પુરાણોમાં ગુજરાત'માં ભૃગુને ત્યાં દીકરી થઈને લક્ષ્મી અવતરેલ, તેણે કશ્યપના કંઠમાં પુષ્પમાળ પહેરાવી તેથી ભિન્નપાલ-શ્રીમાલ કહેવાયું છે. મૂડીવાદી વર્ગની રાજ્ય અને સમાજ પર પકડ વધી. એણે કળા સાહિત્ય અને શિક્ષણને ઉત્તેજન આપેલ. લખાણો સંસ્કૃતના બદલે પ્રાકૃત તરફ વળેલ. પુરાણ-લેખકોની જગા પર ભાટ, વહીવંચા અને પ્રબંધલેખકો આગળ આવેલ. શ્રીમાલ વિસ્તાર 'કુકર' કહેવાતો હતો એ 'ગુજર' કહેવાયો. 'ગુજર'માં રહેવાવાળા ગુજર ક્ષત્રિય, ગુજર જૈન વગેરે કહેવાયા. મહાભારતને આધારે ઉમાશંકર જોશીએ અંધક ભોજ આભીર સાથે કુકરને યાદવ કહેલ છે.

'શ્રીજગડુચરિત'માં મગનલાલ દલપતરામ ખખરે ગુજર જૈન સમુદાયમાંથી શાખાઓ પડેલ છે તેની માહિતી આપેલ છે. જૈન શાખાઓ સાથે ક્ષત્રિય સમુદાયમાં પણ શાખા પડેલ છે એની માહિતી મળે છે. શ્રીમાલના ચાવડા રાજાએ જેઓ લાખોપતિ હતા તેમને શ્રીમાલના ગઢમાં રહેવાની સગવડ આપેલ હતી, તેઓ શ્રીમાળી જૈન કહેવાયા છે. જેઓ લાખોપતિ હતા નહિ તેઓ શ્રીમાલના ગઢની બહાર રહેલ હતા. જેઓ બહાર રહેતા હતા તેઓમાંથી કેટલાક પૂર્વ તરફ એક રાજકુમાર સાથે ગયા, તેઓ 'પોરવાડ જૈન' કહેવાયા છે અને ક્ષત્રિયમાં ચૌલુક્ય અર્થાત્ સોલંકી શાખા પડેલ છે. બીજા સમૂહ શ્રીમાલથી ઉત્તર તરફ ગયા. આ વિસ્તાર ગુજર વિસ્તારની સરહદ અથવા સીમ જેને 'ઓસ' કહેલ છે એ વિસ્તારમાં મંડોવર ગામ વસાવીને રહેલા તેઓ 'ઓસવાળ જૈન' કહેવાયા અને ક્ષત્રિય 'પ્રતિહાર' કહેવાયા. કચ્છના ઓસવાળ કહે છે કે અમે થરપારકરમાં આવેલ ઓસમાં પારીનગર તથા બુદ્ધસરમાં રહેતા હતા. થરપારકર વિસ્તારમાંથી સિંધુ નદીની એક શાખા ઉમરકોટ થઈને કચ્છના છાડ બેટ પાસે રણમાં દાખલ થતી હતી. ગુજર વિસ્તારની પશ્ચિમ સરહદ સિંધુ નદી હતી એમ જાણી શકાય છે. છાડ બેટ પાસે બંદર હતું, અહીં જગાત વસૂલ કરવામાં આવતી હતી. વિદેશથી આવતાં વહાણોનો કેટલોક માલ અહીં જગાત-મુક્ત વેચવામાં આવતો હતો તેમાંથી જગાત ચૂકવવામાં આવતી હતી,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી આ બંદરને 'રાયકી બજાર' કહેવામાં આવતું હતું. આ બંદર 'રોમનહાટ' પણ કહેવાતું જણાય છે. કનિંગહામે 'એન્શિયન્ટ જ્યોગ્રાફી'માં 'રોમનહાટ' કહેલ છે. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ'માં એ જાવા, સુમાત્રા, કંબોડિયામાં હિંદી વસાહત થયેલ કહેલ છે એમાં રોમનહાટ રસ્તે હિંદથી આવેલ હોવાની પરંપરા છે. ઈ.સ. ૬૦૩માં વસાહત થયેલ એ વસાહતને ગુજરાત અને એના પાટનગર ને 'મેન્ટન' નામ આપેલ છે. મેન્ટન અને મંડોવર શબ્દમાં સામ્ય જણાય છે.

કચ્છના ભદ્રેસરમાં ત્રણ ચાવડા રાજા થયેલ છે. એ કનક ચાવડો, અકડ ચાવડો, અને ભુવડ ચાવડો નામે હતા એમ જેમ્સ બર્જેસે આર્કિયોલૉજિકલ સર્વેમાં લખેલ છે. કનક ચાવડો વિ. સ. ૬૧૮–ઈ.સ. ૫૬૧માં થયાનું કહેલ છે. અકડ ચાવડાના સમયમાં ઈરાની આક્રમણ થયેલ હતું. આ સમયે ઈરાનમાં ખુશરુ પરવેઝ (ઈ.સ. ૫૯૦ થી ઈ.સ. ૬૨૮) રાજા હતો. એની પત્ની શીરીનના વખાણનાં પુસ્તકો લખાયાં છે. ખુશરુ જેરુસલેમથી પવિત્ર વધસ્તંભ ઈરાન લાવેલ હતો. એના દક્ષિણના ચાલુક્ય પુલકેશી બીજા સાથે રાજદ્વારી સંબંધ હતા. અજન્ટાનાં ભીંત- ચિત્રમાં ખુશરુ અને શીરીનાં ચિત્ર છે. ખુશરુએ સિંધ જીતી ત્યાં રાયવંશના રાજ્યનો અસ્ત કરેલ છે. કચ્છના ચાવડા પર એણે ચડાઈ કરેલ હશે. અકડ પછી ભૂવડ રાજા થયાની નોંધ છે તેથી ઈરાનના એ શાસકને ચાવડા રાજપૂતોએ હરાવેલ હોવા જોઈએ. રાયવંશ પછી સિંધમાં ઈ.સ. ૬૨૫માં ચચ્ચ રાજા થયેલ છે, તેથી ઈ.સ. ૬૨૫ પહેલાં ઈરાનના શાસકને હિંદમાંથી હરાવી પાછા રવાના કરેલ હોવા જોઈએ.

ચાલુક્ય પુલકેશી બીજાને ઈરાન સાથે રાજદ્વારી સંબંધ હતો. એણે ભિન્નમાલના ચાવડા રાજા વ્યાઘ્રમુખ પર ઈ.સ. ૬૩૯માં ચડાઈ કરેલ એમ અહિલોલના શિલાલેખને આધારે ભગવાનલાલ ઈન્દ્રજીએ માનેલ છે. ભદ્રેસરમાં ભૂવડ પછી ચાવડા રાજાનું નામ મળતું નથી તેથી ચાલુક્ય રાજા મારફતે ચાવડા રાજા હારેલ હોવા જોઇએ.

ચાલુક્ય જયસિંહે મહી અને નર્મદા વચ્ચે વજ્જાદના સૈન્યને સજ્જડ હાર આપેલ હોવાનું પ્રો. મિરાસીએ 'ન્યૂ લાઇટ ઑન હિસ્ટરી ઑફ મિડિવલ ગુજરાત'માં જણાવેલ છે. રાસમાળામાં ફોર્બસે ઈ.સ. ૬૯૬માં કલ્યાણના ભૂવડ સોલંકીએ પંચાસરના જયશેખર ચાવડાને હરાવેલ, પછી સૌરાષ્ટ્ર અને કચ્છના ચાવડા રાજાઓને જીતેલ હોવાનું લખેલ છે. ગૅઝેટિયરમાં કચ્છના રાયણ ગામે રામદેવ ચાવડાનું રાજ્ય હતું, એની જીત પર ભાગચંદ ચારણ આવેલ હતો, કચ્છમાં ચારણોને તે લંગણાના રાય પરમારે ઈ.સ. ૭૦૦ માં વસાવેલ હોવાનું મળે છે. રાસમાળામાં દ્વારકાના પરમાર રાજાની કન્યા સાથે ગોહિલ બાપા રાવળે લગ્ન કરેલ હોવાનું લખેલ છે. ડી. સી. ગાંગૂલીએ 'હિસ્ટરી ઑફ પરમાર ડાયનેસ્ટી'માં પરમારને દક્ષિણના રહેવાવાળા કહેલ છે, તેથી દક્ષિણના ચાલુક્ય સાથે ગુજરાત આવેલ હોવા જોઈએ અને સાથે મળીને ચાવડાને હરાવેલ હોવાની શક્યતા જણાય છે. ચાવડા પશ્ચિમ કચ્છ તરફ ગયા. ગૅઝેટિયરે વીરમ ચાવડો, એનો પુત્ર વાઘમ ચાવડો અને એમના ભત્રીજા રા'કનોજ તથા ચચ્ચ ચાવડાના ઉલ્લેખ કરેલ છે. પૂર્વ સિંધમાં આરબ આક્રમણ સામે કચ્છમાંથી રા'કનોજ ચાવડો એના દાદા સાથે લડવા ગયો હતો. આરબ પક્ષે ચાર સરદારો યુદ્ધમાં હતા તેમાંથી બે સરદારોએ રા'કનોજ સાથે યુદ્ધ ચાલુ રાખેલ અને બે સરદારોએ કચ્છમાં ચાવડા પર આક્રમણ કરેલ હતું. રા'કનોજે બંને સરદારોને મારેલ અને કચ્છમાં ચરય ચાવડા પક્ષે આરબ સામે લડવા રા'કનોજ પહોંચેલ હતો. આરબોને હરાવ્યા અને તેના બંને સરદારો માર્યા ગયા. આરબ સંઘર્ષમાં રા'કનોજ ચાવડો, ચચ્ચ ચાવડો, અને રા'ભલોટ વીરગતિ પામેલ હતા. આ પછી વાઘમ ચાવડો રાજા થયો અને સિંધથી સમા જોડે આવીને મારતાં ચાવડા રાજવંશનો કચ્છમાં અસ્ત થયો. 'કળાધર'માં શ્રીકારાણીએ આરબ આક્રમણકાર ખલીફા અલયામૂન હોવાનું કહેલ છે અને કચ્છમાં ચાવડા પાસેથી આરબોએ આ સમયે સાંધાણ લીધેલ હોવાનું જણાવેલ છે.

ગુજરાતના પાટણમાં ચાવડા રાજવંશનો પ્રારંભ ઈ.સ. ૭૪૬ થી વનરાજ ચાવડાએ કરેલ છે. એનો અસ્ત મૂળરાજ સોલંકીએ ઈ. સ. ૯૪૨માં સામતસિંહ ચાવડાને મારીને કરેલ છે. વઢવાણના ચાવડાનો અસ્ત પણ મૂળરાજ સોલંકીથી થયેલ છે. પાટણના છેલ્લા રાજા સામંતસિંહના પુત્ર અહિપાલે કચ્છમાં ૯૦૦ ગામ કબજે લઈને મોરગર ગામે રાજધાની કરેલ હતી. જેમ્સ બર્જેસે આર્કિયોલૉજીમાં ચાવડાવંશમાં ૧૩ રાજાઓ થયા તેઓનાં નામો આપેલ છે. ઈ.સ. ૧૩૧૫ માં ચાવડા પૂંજાજીને હરાવી જાડેજા રાજાએ કચ્છમાં ચાવડારાજ્યનો અસ્ત કરેલ છે. એ જ સમય ગાળામાં રાઠોડ વેરાવળજીએ દ્વારકામાં ચાવડાને હરાવી આમરણમાં ગાદી સ્થાપેલ.

ઠે. ૯૨-બી, સંસ્કાર નગર, ભૂજ (કચ્છ)-૩૯૦૦૦૭.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જામકંડોરણાની ઐતિહાસિક ઝાંખી

*શ્રી એ. એસ. આશર*

**હાલાર કોનું ?** આ નક્કી કરવા માટે અને જામ રાવળને હાલારમાંથી હાંકી કાઢવા માટે સૌરાષ્ટ્રના નાના મોટા તમામ રાજાઓનાં લશ્કર અને બીજી બાજુ જામ રાવળ તથા એમના ભાઈ હરધોળજીનું લશ્કર અને ભાયાતોનું લશ્કર મીઠોઈના મેદાનમાં સામસામે ગોઠવાઈ ગયાં. આ મીઠોઈનું યુદ્ધ જામ રાવળ માટે મહત્ત્વનું હતું.

આપણે ઘણી વખત રેડિયો પર સાંભળીએ છીએ કે "હાલા તારા હાથ વખાણું, પટ્ટી તારા પગ વખાણું". આ લોકગીતના નાયક મેરામણના અતુલ પરાક્રમે જામ રાવળ મિઠોઈના યુદ્ધમાં વિજયી બન્યો. ઓઢા તોગાજી, રણસી, વિક્રમજી ને રવાજી નામે હલ રાજપૂતો પણ તોગાજી સાથે તોપોના કાન બંધ કરવા માટે તૈયાર થયા ને સુલેહનો સફેદ ધ્વજ બતાવી દુશ્મનના લશ્કરમાં ગયા તથા અરજ કરીને કે અમોને આપની તોપો જોવાની ઈચ્છા છે, તો બતાવો. દગો થશે તો ? તોપો દેખાડવા ચાલ્યા ને તોપો જોતાં જ ચારેય શૂરવીરો સાથે લાવેલા ખીલાથી તોપોના કાન હથોડી મારી બંધ કરવા લાગ્યા ને પાંચસો માણસોએ આવી એમના પર તલવારો ચલાવી. વીર હાકો થવા લાગી. આ પ્રમાણે યુદ્ધ કરી, તોપોના કાન બંધ કરી, તોપો નકામી બનાવી સોઢા તોગાજીએ શત્રુના સૈન્યને થોભાવી રાખ્યું. તોગાજી સોઢા ને એમના સાથીઓના અંગમાં ચોરાસી જખમો થયા હતા.

જામ રાવળ મીઠોઈના યુદ્ધમાં વિજયી બન્યો. એ પછી એક વર્ષે સં. ૧૬૦૭માં પોતાને મદદ કરનાર ભાયાતોને દરબાર ભરી બાર બાર ગામનાં પરગણાં આપ્યાં તેમાં કાના રાજપૂતોને જામકંડોરણા તાલુકાના રોઘેલ ગામ સહિત બાર ગામ આપ્યાં.

જામકંડોરણા તાલુકો બાવન (પર) ગામનો તાલુકો છે. આ જામકંડોરણાનો ઈતિહાસ ઘણો જૂનો છે, પરંતુ અહીં જામકંડોરણા ગામનો ઈતિહાસ જામ રાવળ ને એ પછીના રાજાઓના સમયનો આલેખવામાં આવ્યો છે.

જામકંડોરણા ગામ તાલુકાનું મુખ્ય મથક છે. ગામ ઉતાવળી નદીના કિનારે વસેલું છે ને ખૂબ રમણીય છે. આજથી બસો (૨૦૦) વર્ષ પહેલાં જ્યાં આજે ચાંદની ચોક હનુમાનની દહેરી છે ત્યાં પહેલાં ગામનો ઝાંપો હતો એ હકીકત ગામના વૃદ્ધ વડીલો પાસેથી સાંભળવા મળી છે.

જામકંડોરણામાં સં. ૧૯૨૬માં જામગરની ટંકશાળમાંથી બહાર પડેલી કોરી ને દોકડાનું ચલણ હતું. આ કોરીના સિક્કાનું ચલણ જામશ્રી વિભાજી બીજા સં. ૧૯૫૧માં દેવ થયા એ પછી બંધ પડ્યું.

**સહજાનંદ સ્વામીએ કરેલ ચોરાસી :** જામકંડોરણા ગામના નૈર્ઋત્ય ખૂણે દક્ષિણ તરફથી આવતી નદીમાં ધરો છે તેના કિનારે આંબલીનું નાનું રમણીય વન છે. આ ધરામાં સં. ૧૮૭૬ માં વૈશાખ વદ પાંચમના દિવસે સહજાનંદ સ્વામી ને એમની સાથેના સાધુઓએ સ્નાન કરેલ હતું. એ ધરાનું નામ 'ગંગાજળિયો' પાડેલું, સહજાનંદ સ્વામીએ અહીં બ્રાહ્મણોની ચોરાસી કરેલી હતી ને દક્ષિણા આપવા પોતાના યજમાન ગોપાલ બારોટ પાસેથી કોરીઓ લઈ એકસો ઓગણપચાસ કોરી દાનમાં આપી. એક કોરી વધી તે પોતાના યજમાનને પાછી આપી. આજે આ કોરી ગોપાલ બારોટના વંશજો પાસે સચવાયેલી છે. સહજાનંદ સ્વામીના અનુયાયીઓ અહીં ગંગાજળિયાના ટેકરા પર સહજાનંદ સ્વામીનાં ચરણ-પગલાંના દર્શન કરવા આવે છે. આ તાલુકાની મુખ્ય નદીઓ ઉતાવળી, ફોફળ, રસનાળ, શારણ, સાતૂદડી, મોજ ચાંપરવાડી વગેરે છે.

જામકંડોરણા ગામે 'કસ્તૂરસાગર નામના (પૂજ) ગોરજી હતા તે 'દરબારી પૂજના' નામે આ પરગણામાં પ્રસિદ્ધ હતા. એઓ રઘુનાથજી મંદિરમાં દરબાર ભરતા ને સૌને કસૂંબો પાતા હતા. એમના વિશે રણછોડ બારોટે 'કસૂંબો' કાવ્ય લખેલ છે, જે હાલ અપ્રાપ્ય છે.

[અનુસંધાન ટાઈટલ ૨ ઉપર ચાલુ]



For Private and Personal Use Only





મુદ્રક પ્રકાશક અને તંત્રા : 'પથિક કાર્યાલય' માટે પ્રો. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, ઍલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૬-૯૭

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિગ વર્ક્સ, શાહપુર માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧